નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765



Dt.20/2/2025 THURSDAY 05

સામના મિરર

નવા નાણાંકીય વર્ષના અંદાજપત્રને બોર્ડમાં રજૂ કરતા સ્ટે. ચેરમેન જયમીન ઠાકરે વિકાસની ડગર, મંઝીલ, સુહાના મૌસમની વાતો રાજકોટ સાથે જોડી

કરબોજ વધારા મુકત બજેટ સર્વાનુમતે મંજૂર રાજકોટનો લિવેબલ ઇન્ડેક્ષ વધારવાની નેમ

નવા વર્ષમાં નવા આધાર કેન્દ્રો, ફુટ બ્રીજ, ફ્રી વેક્સીન, જન્મ-મરણના ફ્રી દાખલા સહિતની યોજના સીધી લોકોને કામ આવશે ભાજપના પદાધિકારીઓએ બજેટ પર ફુલ વરસાવ્યા


કરબોજ વધારા મુકત બજેટ સર્વાનુમતે મંજૂર રાજકોટનો લિવેબલ ઇન્ડેક્ષ વધારવાની નેમ


જુઓ પેજ નં.૫



માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :20 FEBRUARY 2025 I THURSDAY I Page :8 I Year : 2 I Issue :272 I Price: 2/-


# નાણામંત્રી કનુ દેસાઈ ગુજરાતનું ચોથું બજેટ રજૂ કરશે



## બજેટમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને સિંચાઈની બાબતો જેવા મુદ્દાઓ પર ભાર મુકવામાં આવી શકે : વપક્ષ દ્વારા જમીન કૌભાંડ, ખ્યાતિકાંડ, ભરતી કાંડ સહિતના વિવિધ મુદ્દે સરકારે ઘેરવાનો પ્રયાસ કરશે

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રની શરૂઆત થઇ ચૂકી છે ત્યારે રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ આજે ગુજરાત સરકારનું સામાન્ય બજેટ રજૂ કરશે. કનુ દેસાઈ ચોથું બજેટ રજૂ કરવાના છે. આ વખતે બજેટમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને સિંચાઈની બાબતો જેવા મુદ્દાઓ પર ભાર મુકવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રની શરૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી થઈ ગઈ હતી. રાજ્યપાલે ૩૭ મિનિટના ભાષણમાં રાજ્યના વિકાસના અનેક પાસા રજૂ કર્યા હતાં.

### પેપરલેસ બજેટ રજૂ કરાશે

ગુજરાત વિધાનસભામાં આજે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું પેપરલેસ બજેટ રજૂ કરાશે. આ બજેટમાં કુલ ૧૦ જેટલી નવી જાહેરાતો પણ કરાઈ શકે છે. વર્ષ ૨૦૨૪-૨૫ના ખર્ચના પૂરક પત્રક પણ રજૂ થશે.

### વિપક્ષની કેવી છે તૈયારી?

ગુજરાત વિધાનસભામાં આ બજેટ સત્ર લગભગ દોઢ મહિનો ચાલશે. જેમાં વિપક્ષે પણ સરકારે ઘેરવાની તૈયારી કરી રાખી છે જેમાં વિપક્ષ દ્વારા જમીન કૌભાંડ, ખ્યાતિકાંડ, ભરતી કાંડ સહિતના વિવિધ મુદ્દે સરકારે ઘેરવાનો પ્રયાસ કરશે.

બજેટ પર ગૃહમાં ૪ દિવસ ચર્ચા થશે

આ વખતે કનુભાઈ દેસાઈ પર રજૂ કરવામાં આવનારા સામાન્ય બજેટ પર ગૃહમાં ૪ દિવસ ચર્ચા થશે. નોંધનીય છે કે ગુજરાત સરકારનું આ વર્ષનું બજેટ ૩.૭૨ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. સત્રના પ્રથમ દિવસે બે મહત્વપૂર્ણ બિલ રજૂ કરવામાં આવશે. પહેલું બિલ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (નોંધણી અને નિયમન) (સુધારા) બિલ ૨૦૨૫ છે. જ્યારે બીજું બિલ ગુજરાત સ્ટેટ ફિઝીયોથેરાપી કાઉન્સિલ (રદ) બિલ ૨૦૨૫ છે.



# રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી

## ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં લેવાયો નિર્ણય, આજે શપથગ્રહણ સમારોહ

૨૬ વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં આવનાર ભારતીય જનતા પાર્ટી(BJP)ના નવા મુખ્યમંત્રી નામની જાહેરાત કરી દેવાઈ છે. રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે. ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામ પર મહોર લાગી છે. ગુરુવારે (૨૦ ફેબ્રુઆરી) રેખા ગુપ્તા રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. જણાવી દઈએ કે, ૫ ફેબ્રુઆરીના રોજ મતદાન થયું હતું અને ૮ ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થયા હતા. જેમાં ભાજપે ત્રણ વખત સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવીને ૪૮ બેઠકો જીતી છે. જ્યારે છેલ્લી બે ચૂંટણીઓમાં ભાજપ માત્ર ૩ અને ૮ બેઠકો સુધી જ સીમિત રહી હતી. છેલ્લી ચૂંટણીમાં ૬૨ બેઠકો જીતનાર અઅઙ આ વખતે માત્ર ૨૨ બેઠકો જ જીતી શકી છે. દિલ્હી ભાજપ ધારાસભ્ય દળના નેતા રેખા ગુપ્તાએ રાજભવન ખાતે ઉપરાજ્યપાલ સાથે મુલાકાત કરીને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# કડક નિયંત્રણની કચાશ



આપણે ત્યાં ઘાતક ભીડની સ્થિતિ ક્રમશઃ વધુ ને વધુ સામાન્ય બનતી જાય છે. ભીડને જાગૃતિ, સભ્યતા અને શિસ્ત સાથે બાપે માર્યા વેર હોય છે. રેલ્વે અને મેટ્રો સ્ટેશનો પર, એસટી સ્ટેન્ડ પર, એરપોર્ટ પર  લાઈનોમાં, મંદિરોમાં, જાહેર હોસ્પિટલોમાં, ભંડારામાં, લોકમેળામાં તરત ભીડ જામે છે. આપણે ત્યાં આસ્થાની વાત આવે ત્યારે તમામ દલીલોને બાજુ પર મુકી દેવામાં આવે છે. ધાર્મિક સ્થળોએ કે ઉજવણી દરમિયાન લોકોનું એક જ ધ્યેય હોય છે- મને કોઇ પણ ભોગે ભગવાનની કૃપા મળી જવી જોઈએ, બસ.

ખિસ્સા કાતરૂઓ, મહિલાઓની છેડતી કરનારા વગેરે માટે ભીડ એટલે મનગમતી મોસમ. કેટલાક અટકચાળાઓ લોકોને પરેશાન કરવા અકારણ ધક્કા મારતા હોય છે. ભારતમાં મંદિરોમાં દર્શનના સમયે વધુ પડતી ભીડને કારણે કેટલીય વાર ન બનવાનું બને છે, પણ મંદિરના મેનેજમેન્ટને ઉની આંચ આવતી નથી. મંદિર મેનેજમેન્ટની ભૂલો બહાર આવતી હોવા છતાં વિવિધ બહાનાં હેઠળ મેનેજમેન્ટના સભ્યો છૂટી જતા હોય છે. કેટલાક મંદિરોના ભંડારામાં જમવા માટેની પંગતમાં એટલી ધક્કામુક્કી થાયછે કે લોકો પ્રસાદ લીધા વિના જ ઘરભેગા થઇ જાય છે.

દિલ્હીના રેલ્વે સ્ટેશન પર ૧૮ લોકો અતિ ભીડમાં કચડાઈ મર્યા. માનવ સર્જિત ભૂલોને સ્ટેશન પર ફેલાયેલી અફવા, વધુ પડતી ભીડ વગેરે કારણોની આડમાં છૂપાવી દેવામાં આવે છે. આ વખતે રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવ નૈતિકતા બતાવવાનું ચૂકી ગયા છે. ટ્રેનોને ગમે તેટલી આધુનિક બનાવાય કે બુલેટ ટ્રેનની લોલીપોપ બતાવ્યા  કરાય, પણ પ્લેટફોર્મ પર પાયાની  સવલતોમાં જ ધાંધિયા છે તેનું શું?

નવી દિલ્હીની દુર્ઘટનામાં દેખીતી રીતે જ રેલવે અધિકારીઓની ભૂલ હતી, પણ રેલવે પ્રધાન તે સ્વીકારવા જ તૈયાર નથી. રેલવેના આધુનિકીકરણ વિશેની વાતો આવી સ્થિતિમાં તદ્દન બોદી સાબિત થાય છે.

નવી દિલ્હીના રેલ્વે સ્ટેશને બનેલી કરૂણાંતિકા બાદ તરત જ સાફસૂફી કરી નાખવામાં આવી હતી. ઘટનાના ૭૨ કલાક સુધીમાં પ્રયાગરાજ જતી બીજી ૫૦ ટ્રેનો આ સ્ટેશન પરથી ઉપડી હતી. આવી ગમગીન બનાવી દેતી દુર્ઘટના બની ગઈ તો પણ ન તો પ્રવાસીઓના વર્તનમાં કોઈ ફર્ક પડયો હતો કે ન તો રેલવે અધિકારીઓમાં કોઇ સુધારો જોવા મળ્યો હતો.

રેલવા સ્ટેશનો પર સામાન્ય સંજોગોમાં લોકોને કતારમાં ઊભા રાખીને ક્રમબદ્ધ ટ્રેનના ડબ્બાઓમાં બેસાડી શકાય છે. અમદાવાદ રેલ્વે સ્ટેશને સવારે મુંબઇ જતી કર્ણાવતી એક્સપ્રેસમાં  રિઝર્વેશન ન ધરાવતા લોકોને લાઇનમાં ઊભા રાખીને જનરલ ડબ્બામાં બેસાડવામાં આવે છે કે જેથી અકારણ ધક્કામુક્કી ન થાય. સિનિયર સિટીઝન માટે તો રિઝર્વેશન ફરજીયાત બની ગયું છે.ભારતીયોએ ધક્કામુક્કીને સહજ ગણી લીધી છે. આપણે આ સ્થિતિને સ્વીકારી લીધી છે. અલબત્ત, મ્યુઝિક કોન્સર્ટમાં ભયાનક ધક્કાબાજી થઈ હોય તેવી ફરિયાદ થતી નથી, અહીં હૈયે હૈયું ચંપાય એવી ભીડ હોય છે, તો પણ.

ભારત વિશ્વનો સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ છે. ભારતની પ્રજા ધર્મપ્રિય અને ઉત્સવપ્રિય છે, પરંતુ મંદિરોના વહીવટકારો ભીડનું નિયંત્રણ કરી શકતા નથી તે હકીકત છે. ગુજરાતમાં ડાકોર અને દ્વારકા જેવાં મહત્ત્વનાં ધાર્મિક સ્થળોએ ભીડ મેનેજમેન્ટનું સ્તર શૂન્ય હોય છે.  ડાકોરમાં આગામી ફાગણી પૂનમે પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પદયાત્રા કરીને પહોંચશે ત્યારે ભીડને કેવી રીતે નિયંત્રણ હેઠળ લાવવામાં આવશે તે મહાપ્રશ્ન છે.

# કાશ્મીરમાં આતંકનો ખાત્મો બોલાવવા ઓપરેશન તેજ કરાશેઃ એક્શન પ્લાન તૈયાર

### મંગળવારે બે જગ્યાએ પ્રેશર કૂકરમાં વિસ્ફોટક સામગ્રી આઈઆઈડી જપ્ત કરી ષડયંત્ર નિષ્ફળ કરાયેલુ



શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૧૯

કાશ્મીર રેન્જના પોલીસ મહાનિર્દેશક વી.કે.બિરદીએ મંગળવારે દક્ષિણ કાશ્મીરમાં રહ્યાસહ્યા આતંકીઓ અને તેમના નેટવર્કને પૂરી રીતે નષ્ટ કરવાને લઈને સંબંધિત અધિકારીઓને આતંકવિરોધી અભિયાન તેજ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

તેમણે ગુપ્તચર તંત્રને મજબૂત કરવા અને પોલીસ અને સીઆરપીએફ વચ્ચે બહેતર કો-આર્ડિનેશન બનાવવાનો નિર્દેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે કાશ્મીરની બે જગ્યાએ પ્રેશર કૂકરમાં આઈઆઈડી વિસ્ફોટક જપ્ત થયો હતો. આ ઘટના બાદ સુરક્ષા તંત્ર સતર્ક છે.આઈજી બિરદીની અધ્યક્ષતામાં બે કલાક ચાલેલી સુરક્ષા બેઠકમાં પોલીસ અને સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. જેમાં ઉભરતા સુરક્ષા પડકારો પર વિચાર-વિમર્શની સાથે પોલીસ અને સીઆરપીએફ માટે બહેતર સમન્વય, સંયુકત સંસાધન ક્ષમતાને નિશ્ચિત જાળવી રાખવાના વિભિન્ન ઉપાયો પર ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે મંગળવારે દક્ષિણ કાશ્મીરમાં બે અલગ અલગ જગ્યાએ આતંકીઓએ પ્રેશર કૂકર આઈઆઈડી વિસ્ફોટ કરી જાનમાલને નુકશાન કરવાનુ ષડયંત્ર રચ્યુ હતુ પરંતુ સતર્ક સુરક્ષા દળોએ બંને આઈઆઈડી જપ્ત કરી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું.

# ગુટખા - પાનમસાલા પર પ્રતિબંધઃ ઝારખંડ સરકારનો ઐતિહાસિક નિર્ણય



રાંચી, તા.૧૯

ઝારખંડ સરકારે રાજયમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણયની જાહેરાત કરતા રાજયના આરોગ્ય મંત્રી ડો. ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હેમંત સોરેનના સ્વસ્થ ઝારખંડના સ્વપનને સાકાર કરવા માટે આ કડક પગલું લેવામાં આવ્યું છે. આ પ્રતિબંધ માત્ર એક નિયમ નથી પણ ઝારખંડના યુવાનોને વ્યસનના ચુંગાલમાંથી બચાવવા માટે એક ક્રાંતિકારી પહેલ છે. સ્વાસ્થ્ય મંત્રી ડો. અન્સારીએ કહ્યું, ‘‘આરોગ્ય સાથે રમત કોઈપણ કિંમતે સહન નહીં કરીએ. ગુટખા અને પાન મસાલાના કારણે કેન્સર જેવા જીવલેણ રોગો ઝડપથી વધી રહ્યા છે. આપણા યુવાનો ધીમે ધીમે મૃત્યુ તરફ આગળ વધી રહ્યા છે, અને હું તેમને મારી નજર સામે મરતા ન જોઈ શકું. એક ડોક્ટર હોવાને કારણે હું જાણું છું કે આ ઝેર શરીરને કેટલી હદ સુધી નષ્ટ કરી શકે છે.

જયારે જનતાએ મને આરોગ્ય મંત્રી બનાવ્યો છે, ત્યારે મારી પહેલી ફરજ તેમના જીવનનું રક્ષણ કરવાની છે. મંત્રીએ સ્પષ્ટતા કરી કે ગુટખાનું વેચાણ, સંગ્રહ અથવા સેવન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

બગુટખા માફિયાઓ અને ગેરકાયદેસર વેપારીઓ પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. જો કોઈ દુકાન, ગોડાઉન કે વ્યક્તિ પાસેથી ગુટખા મળી આવશે તો કડક કાયદાકીય કાર્યવાહી તો કરવામાં આવશે જ, સાથે ગોડાઉનને સીલ પણ કરવામાં આવશે.

# બાગેશ્વરધામમાં રચાશે ઈતિહાસ

## પીએમ મોદી, રાષ્ટ્રપતિ મુર્મુ, પ્રેમાનંદ મહારાજ એક સાથે સમારોહમાં જોવા મળશે



### બાગેશ્વર ધામમાં તા.૨૩મીએ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન, ૨૬મીએ અનાથ દીકરીઓના સમૂહ લગ્ન સમારોહનું ભવ્ય આયોજન

છતરપુર (મધ્યપ્રદેશ) તા.૧૯ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બાગેશ્વર ધામમાં યોજાનાર બે મોટા કાર્યક્રમમાં હાજરી આપનાર છે. આ કાર્યક્રમમાં વૃંદાવનના પ્રેમાનંદ મહારાજને પણ આમંત્રણ અપાયું છે.

ધીરેન્દ્ર શાસ્ત્રી પણ ઉપસ્થિત રહેવાના છે. જો આ ચારેય મહાનુભાવો એક મંચ પર બિરાજમાન થાય તો બુંદેલખંડમાં ઈતિહાસ રચાય. જોકે પ્રેમાનંદજી મહારાજનું સ્વાસ્થ્ય જોતા તેમની હાજરીની આશા ઓછી છે.પીએમ મોદી બાગેશ્વરધામમાં ૨૩મી ફેબ્રુઆરીએ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરનાર છે જયારે બધા સંતો અને રાષ્ટ્રપતિ ૨૬ ફેબ્રુઆરીએ ૨૫૧ અનાથ કન્યાઓના સમૂહલગ્ન સમારોહમાં ઉપસ્થિત રહેશે. અહીં ઉચ્ચ સ્તરીય કડક સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. વડાપ્રધાન મોદી આ તકે બાગેશ્વર ધામના દર્શન પણ કરશે.ઉપરોકત સુરક્ષાની વ્યવસ્થા માટે લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવશે. આ સમારોહમાં જાણીતા સંતો જગદ્ગુરૂ રામ ભદ્રાચાર્ય મહારાજ, મલૂક પીઠાધિશ્વર રાજેન્દ્રદાસ મહારાજ, ગોરીલાત કુંજ વાળા સ્વામી કિશોરદાસ મહારાજ સહિતના અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ફિલ્મ અને રમતગમત જગતની હસ્તીઓ, ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગ, રોબિન ઉથપ્પા, અભિનેતા પુનિત વરિષ્ઠ, પહેલવાન ધી ગ્રેટ ખલી પણ દીકરીઓને આશીર્વાદ આપવા હાજર રહેશે.

# દેશના વિવિધ ભાગોમાં બદલાશે મૌસમનો મિજાજ, કયાંક બરફ તો કયાંક વરસાદ પડશે

## નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હવામાનમાં નાટયાત્મક પલટો, ખેતી પાકોને અસર થશે

મૌસમનો મિજાજ બદલાશે એવો હવામાનખાતા દ્વારા વરતારો મળી રહયો છે. દેશમાં રવિ સિઝનના ખેતીના પાક તેના અંતિમ તબક્કામાં છે અથવા તો ફલાવરિંગ સ્ટેજ વટાવી ગયા છે ત્યારે દેશના કેટલાક ભાગોમાં વરસાદ અને બરફ પડવાની શકયતા ઉભી થઈ છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, નોએડા અને મુંબઈમાં વરસાદ થવાની શકયતા જણાય છે. એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી પહાડી વિસ્તારોમાં વરસાદની સાથે બરફ પડવાની પણ સંભવના છે.

મૌસમ વિભાગનું માનવું છે કે દિલ્હી અને આસપાસના શહેરોમાં ફરી એક વાર હવામાનમાં પલટો આવશે. વાદળો છવાયેલા રહેવાથી દિલ્હી, હરિયાણા અને રાજસ્થાન સહિતના રાજયોમાં વરસાદ પડી શકે છે. આઈએમડી (ઈન્ડિયન મિટિરિયોજી ડિપાર્ટમેન્ટ)ના જણાવ્યા અનુસાર દિલ્હી,રાજસ્થાન સહિત કેટલાક રાજયોમાં હવામાન પલટાની અસર જોવા મળશે. ગુરુવારે દિલ્હીમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ થઈ શકે છે. વરસાદના પગલે ન્યુનતમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. મૌસમ વિભાગના અનુસાર ૨૦ મી ફેબુઆરી સુધી રાજસ્થાનમાં પશ્ચિમી અને ઉત્તરી ભાગોમાં કયાંક કયાંક વાદળ છવાયેલા રહેશે. ૧૯ થી ૨૦ ફેબુઆરી દરમિયાન ભરતપુર, જયપુર, કોટા, બીકાનેર તથા જોધપુરમાં કયાંક હળવો વરસાદ થઈ શકે છે.

છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરાખંડ,જમ્મુ કાશ્મીર,લડાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢ,ઓડિશા, મહારાષ્ટ્ર, કર્ણાટક,કેરલમાં દિવસના તાપમાનમાં૧-૩ સેલ્સિયસ તમિલનાડુ, પોડિચેરી અને કરાઈકલના કેટલાક સ્થાનોએ તાપમાનમાં ઘટાડો થયો હતો. હિમાચલપ્રદેશમાં વરસાદ અને બરફ પડવાની શકયતા છે.

૨૦ ફેબ્રુઆરીએ કુફરી,નારકડા, મનાલી, સોલંગવલી, ડેલહાઉસી,સિરસૂ અને આસપાસના વિસ્તારોમાં મોટા ભાગના પર્યટન સ્થળો પર વરસાદ અને હળવા હિમપાતનું અનુમાન છે.

મૌસમ વિભાગે જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના કેચલાક સ્થળોએ બરફ પડવાની શકયતા દર્શાવતા યેલો એલર્ટ બહાર પાડયું છે. બિહારની વાત કરીએ તો પશ્ચિમી વિક્ષોભની અસરથી પહાડો પર બરફ અને મેદાની વિસ્તારોમાં કયાંક વરસાદ પડી શકે છે. પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર પૂર્વ આસામમાં એક ચક્રવાતીય પરિસંચરણનો પ્રભાવ જોવા મળે છે.





# રાજકોટમાં મનપાનાં જનરલ બોર્ડમાં બજેટની ચર્ચામાં શાસક-વિપક્ષ વચ્ચે શાબ્દિક ઘર્ષણ





તસવીરઃ આનંદ સોમૈયા

## વિપક્ષે કહ્યું–અમને બોલવા નહીં દઈને લોકશાહીનું અપમાન કરાયું

રાજકોટ, તા. ૨૦: રાજકોટ મહાપાલિકાની સામાન્ય સભા મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં સ્ટેન્ડિંગ કમિટીએ મંજુર કરેલા રૂપિયા ૩૧૧૮.૦૭ કરોડનાં બજેટને લઈને ચર્ચા કરવા મળેલી છે. આ બેઠકમાં વિપક્ષનાં માત્ર એક કોર્પોરેટર દ્વારા સામાન્ય વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગી નગરસેવક વશરામ સાગઠિયાએ અગાઉના બજેટની પડતર યોજનાઓને લઈને સવાલ ઉઠાવવા દેખાવ પૂરતો પ્રયાસ કર્યો હતો. જેમાં ત્રણ-ત્રણ વર્ષ સુધી સપના બતાવ્યા બાદ પડતી મૂકાયેલ આજી રિવરફ્રન્ટ યોજના સહિતની બાબતોને લઈ સવાલ ઉઠાવ્યા હતા. જોકે, શાસકપક્ષના કોર્પોરેટરો દ્વારા કરવામાં આવતી બજેટની પ્રશંસા વચ્ચે સવાલો દબાઈ ગયા હતા અને જનરલ બોર્ડ દ્વારા પણ બજેટને બહાલી આપી દેવામાં આવી હતી.

### બજેટમાં સૂચવેલો ૧૫૦ કરોડનો ટેક્સ વધારો દૂર કરવામાં આવ્યો

જનરલ બોર્ડ શરૂ થતાં સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે બજેટની વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. જેમાં બજેટમાં સૂચવવામાં આવેલો ૧૫૦ કરોડનો ટેક્સ વધારો દૂર કરવામાં આવ્યો હોવાનું જણાવાયું હતું તેમજ બજેટમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સમાવવામાં આવેલ વિકાસ માટેની વધારાની જોગવાઈઓની વિસ્તૃત રીતે જાણકારી પણ આપવામાં આવી હતી. જેમાં અંદાજે અડધો કલાકથી વધારે સમય પસાર થઈ ગયો હતો. બાદમાં ભાજપનાં ૭ જેટલા કોર્પોરેટરો દ્વારા બજેટનાં વખાણ કરવામાં વધુ ૨૦ મિનિટનો સમય પસાર થયો હતો. ત્યારબાદ વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ બજેટને લઈને સવાલ ઉભા કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ, થોડી મિનિટોમાં મેયર દ્વારા બોલવાનું શરૂ કરી બજેટને મંજુર જાહેર કરવામાં આવ્યું હતું.

વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ જણાવ્યું કે, શાસકો દ્વારા સામાન્ય જનરલ બોર્ડમાં વિપક્ષનો અવાજ દબાવી દેવામાં આવતો હોય છે પરંતુ, આજે બજેટની ચર્ચા માટે મળેલા બોર્ડમાં પણ વિપક્ષને બોલવાનો મોકો ન આપીને લોકશાહીનું અપમાન કરવામાં આવ્યું છે. આ બજેટમાં પણ માત્ર લોભામણી યોજનાઓ મૂકી લોકોને ભરમાવા પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, ભાજપના શાસકોએ મેયરનું પણ અપમાન કરતા તેઓ સંકલન બેઠક છોડીને ચાલ્યા જવા મજબૂર થયા હતા ત્યારે પોતાના મેયરનું માન ન જાળવી શકતા હોય એવા લોકો વિપક્ષને ક્યાંથી બોલવા દે એવો આરોપ પણ તેમણે લગાવ્યો હતો.

### સંકલન બેઠકમાં અપમાનની વાતને તથ્યહીન ગણાવી

મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રજૂ કરવામાં આવેલું બજેટ આજે મંજૂર કરવામાં આવ્યું છે. આ બજેટ દ્વારા રાજકોટનો સર્વાંગી વિકાસ થશે. જોકે સંકલન બેઠકમાં પોતાની કોઈપણ પ્રકારની મજાક કરવામાં આવી હોવાનો તેમણે ઈન્કાર કર્યો હતો અને બજેટને લગતુ કામ હોવાથી સંકલનની બેઠક પૂરી થયા બાદ હું મારી ચેમ્બરમાં આવી ગઈ હતી. આ સિવાય સંકલન બેઠકમાં અપમાન થતા હું ત્યાંથી ચાલી ગઈ હોવાની કે નારાજ થઈ હોવાની વાતમાં કોઈ તથ્ય નથી.


### શાસક પક્ષ બજેટ વિશે વાત કરે ત્યારે વિપક્ષે બોલવું જોઈએ નહી

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, આજે જનરલ બોર્ડમાં બજેટને બહાલી આપવામાં આવી છે. જેમાં વિપક્ષ દ્વારા તેમને બોલવા નહીં દેવામાં આવ્યા હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે પણ ખરેખર આ બજેટમાં વિપક્ષનાં વોર્ડમાં પણ વિકાસના કામો હોય તેમની પાસે વિરોધ કરવાનો કોઈ મુદ્દો જ બચ્યો નહોતો. બાકી શાસક પક્ષનાં કોર્પોરેટરો બજેટ વિશે વાત કરતા હોય ત્યારે વિપક્ષનાં કોર્પોરેટરે વચ્ચે બોલવું જોઈએ નહીં અને મેયર બોર્ડનાં અધ્યક્ષ હોવાથી તેઓ બોલતા હોય ત્યારે બોલાવુ એ બંધારણનું અપમાન છે. જોકે, સંકલન બેઠકમાંથી મેયર નારાજ થઈને ચાલ્યા ગયા હોવાની વાતને તેમણે પણ નકારી હતી. ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકાનું આજે જનરલ બોર્ડ મળ્યું હતું. જનરલ બોર્ડ પહેલા ભાજપની સંકલન બેઠકમાં મેયર નારાજ થયા હોવાનું સામે આવ્યું છે. ભાજપનાં કોર્પોરેટર વિનું ઘવાએ સંકલન બેઠકમાં મેયરને કરબોજ અંગે સવાલ કરતા મેયર નયનાબેન પેઢડીયા નારાજ થઈને મેયરની મસ્તી કરવામાં આવે છે એવું કહી સંકલન બેઠક છોડી જતા રહ્યા હતા. જેને લઈને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે મેયરનાં મનામણા કર્યા હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું હતું. જોકે મેયર, સ્ટેન્ડિંગનાં ચેરમેન અને કોર્પોરેટર વીનું ઘવાએ પણ આવી કોઈપણ ઘટના બની હોવાનો ઈન્કાર કર્યો હતો.

## નવા નાણાંકીય વર્ષના અંદાજપત્રને બોર્ડમાં રજૂ કરતા સ્ટે. ચેરમેન જયમીન ઠાકરે વિકાસની ડગર, મંઝીલ, સુહાના મૌસમની વાતો રાજકોટ સાથે જોડી

# કરબોજ વધારા મુકત બજેટ સર્વાનુમતે મંજૂર રાજકોટનો લિવેબલ ઈન્ડેક્ષ વધારવાની નેમ

### નવા વર્ષમાં નવા આધાર કેન્દ્રો, ફુટ બ્રીજ, ફ્રી વેકસીન, જન્મ-મરણના ફ્રી દાખલા સહિતની યોજના સીધી લોકોને કામ આવશે ભાજપના પદાધિકારીઓએ બજેટ પર ફુલ વરસાવ્યા



રાજકોટ, તા. ૧૯

મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું કરબોજ વધારા વગરનું રૂા. ૩૧૧૮.૦૭ કરોડનું અંદાજપત્ર આજે સ્ટે.કમીટી બાદ જનરલ બોર્ડે મંજૂર કર્યુ છે. કરબોજ વધારા વગરના બજેટને કોંગ્રેસે પણ રેકોર્ડ પર ટેકો આપ્યો હતો અને નવા વર્ષનું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર થયું હતું. આ બજેટમાં ઉમેરાયેલી લોકભોગ્ય અને લિવેબલ સીટી તરફ આગળ વધારતી યોજનાઓને શાસકોએ એક સૂર સાથે વધાવી હતી અને ચેરમેન જયમીન ઠાકરના વિઝનને બિરદાવ્યું હતું.

ચેરમેન જયમીન ઠાકરે બજેટ પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, શહેરીજનો પર એક પણ રૂપિયાનો વધારાનો કરબોજ નાખવાને બદલે, હાલના આવકના સ્ત્રોતોને વધુ મજબૂત કરવા, આવકના નવા સ્ત્રોતો ઊભા કરવા, મૂડી તથા મહેસૂલી ખર્ચમાં જરૂરી કાપ મૂકવો વિગેરે આયામો લક્ષમાં લઈ કરબોજમાં વધારા તથા નવા કરબોજ અંગેની તમામ દરખાસ્તો સ્થાયી સમિતિ દ્વારા સર્વાનુમતે નામંજુર કરી, પ્રજાને કોઈપણ નવા કરબોજમાંથી મુક્તિ આપેલ છે.

બજેટમાં રૂ.૫૫.૯૨ કરોડની ૨૦ નવી યોજનાઓનો ઉમેરો કરવામાં આવેલ છે. જે માટે જુદા જુદા મહેસૂલી ખર્ચમાં કરકસરના ભાગરૂપે જરૂરી કાપ મૂકવામાં આવ્યો છે. લિવેબલ ઈન્ડેક્ષ વધારવાની વાત કરતા ચેરમેને શાયરી રજૂ કરી હતી કે, અભી તો મંઝીલ પાના બાકી હૈ, બહેતર સે બહેતર કી તલાશ કરો, અભી તો ઈરાદો કા ઈમ્તહિન બાકી હૈ, મિલ જાયે નદી તો સમંદર કી તલાશ કરો !

ટ્રાફિકથી સતત ધમધમતા હોસ્પિટલ ચોક, નાના મવા ચોક, રામાપીર ચોક, જડુસ ચોકમાં ફ્લાય ઓવરબ્રિજ તેમજ કે.કે.વી. હોલ ચોકમાં મલ્ટીલેવલ ‘‘શ્રી રામ બ્રિજ‘‘નું નિર્માણ કરી, રાજકોટની ટ્રાફિક સમસ્યા હળવી કરવા પ્રયત્નો કર્યા છે. કાલાવડ રોડ પર નવા રિંગ રોડ પાસે આઈકોનિક બ્રિજ નિર્માણ થનાર છે તેમજ સાંઢીયા પુલ પર નવા ફોરલેન બ્રિજના નિર્માણની કામગીરી હાલ ગતિમાં છે.

આ અમારુ મહાનગર, પ્રત્યેક ડગર, વશ્વિાસની ડગર તેમ જણાવતા ચેરમેને કહ્યું હતું કે, ૧૮ લાખ લોકોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની પડકારજનક ફરજ મહાનગરપાલકિા સુપેરે નિભાવી રહી છે, તે ખરેખર ગૌરવની બાબત છે. અડધી સદીની આ સુવર્ણ સફરમાં રાજકોટ મહાનગરપાલકિાએ સમયાંતરે ઘણા પડકારોનો સામનો કર્યો છે.

આ બજેટમાં જાહેર સ્થળોએ તેમજ મુખ્ય માર્ગો પર રાહદારીઓ સહેલાઈથી રસ્તો ઓળંગી શકે તે માટે ત્રિકોણબાગ વિસ્તાર પાસે, કાલાવડ રોડ-આત્મીય યુનિવર્સિટી પાસે, ક્રિષ્ના પાર્ક હોટલ-ગોંડલ રોડ ચોકડી પાસે વિ. સ્થળોએ રસ્તા ઉપર ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે, જે માટે બજેટમાં રૂ.૧૦૦૬ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.આ ઉપરાંત નવા પ્રવેશદ્વારો, થીમ બેઇઝડ ઓકસીજન પાર્ક-મોર્ડન ફૂડ કોર્ટ, ત્રણ નવી શાક માર્કેટ, બે શાક માર્કેટના રીનોવેશન, રામનાથ મંદિર બ્યુટીફીકેશન, ભગવતીપરા હાઈસ્કુલના મેદાનમાં સ્પોર્ટ સુવિધા, વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલથી નવો ૮૦ ફુટ રોડ, પ્રથમ પશુ દવાખાનું, કોર્પો.ની શાળાઓની છાત્રાઓને સર્વાઇકલ કેન્સર પ્રતિરોધક વેકસીન, મેમોગ્રાફી મશીન, એડવાન્સ વેરો ભરતા દિવ્યાંગો, પૂર્વ સૈનિકો અને ૨૦૨૫-૨૬માં જન્મ લેનાર બાળકોના નામે વૃક્ષારોપણ, વોર્ડ નં.૧૨માં ગાર્ડન, ધર્મેન્દ્ર રોડ માર્કેટમાં ફુટ માર્કેટ અને હોકર્સ ઝોન, માધાપરના આરોગ્ય કેન્દ્રનું રીનોવેશન, વોર્ડ નં.૧૪માં ગાયત્રીનગર પાસે નવો કોમ્યુનિટી હોલ, બે કરોડના ખર્ચે ૧૦૦ વર્ષ જુના રોડના ડેવલપમેન્ટના કામ સામેલ છે. ચેરમેને વધુ એક પંકિત દોહરાવતા કહ્યું હતું કે, તુમ્હારે શહેર કા મોસમ બડા સુહાના લગે, મે એક શામ ચુરા લુ, અગર બુરા ના લગે... શહેરીજનોની સુખાકારીમાં આ વિચાર સાથે નવો ઉમેરો કરાશે. દરેક વોર્ડમાં આધાર કેન્દ્ર, સ્પોર્ટસ સાધનોના વિતરણ, પાંચ દિવસીય યોગ શિબિર, જન્મ-મરણ દાખલાની પ્રથમ પાંચ નકલ ફ્રી, પદાધિકારીઓની ગ્રાન્ટમાં વધારા, પેડક રોડ ગૌરવ પથ, બિલ્વવૃક્ષ સંવર્ધન, ગ્રીન રાજકોટ, જુદા જુદા રસ્તે આવકના સ્ત્રોત મજબુત કરવા, રેસકોર્સ ક્રિકેટ સ્ટેડીયમ અને પ્લોટ ભાડે આપવા, અટલ સરોવરની દુકાનો ભાડા પટ્ટે આપવા, ટેકસ બાકીદારોને હપ્તા સિસ્ટમ કરી આપવાના નિર્ણય પણ લેવાયા છે.

# આજી નદીમાંથી મચ્છરો સાફ કરવા ડ્રોનથી દવા છંટકાવનો આદેશ

### તુષાર સુમેરા બેડી ચોકડીના પુલની મુલાકાતે  ચાર્ડ પાસે દવા છંટકાવ શરૂ  રામનાથપરા પુલની પણ કમિશ્નર સાથે મુલાકાત લેતા મેયર નયનાબેન





રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આજી નદીમાં તથા નદી કાંઠાના વિસ્તારમાં કયુલેક્ષ મચ્છરોનો ઉપદ્રવ રહે છે. કયુલેક્ષ મચ્છર મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ ફેલાવતા નથી પરંતુ કયુલેક્ષ મચ્છરની ઘનતા વધવાને કારણે નદીકાંઠાના વિસ્તારમાં ન્યુસન્સ મચ્છર તરીકે ઓળખાતા આ મચ્છરના ઉપદ્રવની ફરિયાદ વધુ રહે છે.

મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ મચ્છર ન્યુસન્સ અને મચ્છરની ઉત્પતિ અટકાવવા આરોગ્ય શાખા મારફત ફોગિંગની કામગીરી કરાવી છે. સાથોસાથ આજી નદીની રૂબરૂ મુલાકાત દરમિયાન કમિશનરે મચ્છર તથા મચ્છરના પોરાના નાશ માટે આજી નદીમાં ડ્રોન દ્વારા દવા છંટકાવ કરવા જરૂરી સૂચના પણ આપી હતી. ગઈકાલે કમિશનર તુષાર સુમેરા દ્વારા રેલનગર માધાપર પાસે આવેલા બેડી ચોકડીવાળા મોરબી હાઈવેના પુલ પાસેના વિસ્તારમાં મુલાકાત કરવામાં આવી હતી. જેમાં નાયબ કમિશનર મહેશ જાની, હર્ષદ પટેલ, આરોગ્ય અધિકારી, પર્યાવરણ ઈજનેર, બાયોલોજીસ્ટ, નાયબ પર્યાવરણ ઈજનેર તથા અન્ય સ્ટા પણ જોડાયા હતા.

જીલ્લા પંચાયત - આરોગ્ય શાખાને મહાનગરપાલિકા દ્વારા ફાયર ફાઈટરની ફાળવણી કરાઈ છે. જેમાં જીલ્લા પંચાયત દ્વારા ફાયર ફાઈટર દ્વારા બેડી ગામ માર્કેટિંગ ચાર્ડ પાછળ નદીમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. જયારે મહાનગરપાલિકાના વિસ્તાર રેલનગર પાછળ પોપટપરાના નાલા પાસે પણ ફાયર ફાઈટર દ્વારા આજી નદીમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. હાલમાં શહેરમાં ત્રણેય ઝોનમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા ફોગીંગ કરાવવા કમિશનરે આરોગ્ય શાખાને આપેલી સૂચના અનુસાર હાલમાં આ કામગીરી કરવામાં આવી રહી છે.આ ઉપરાંત પુખ્ત મચ્છર તથા મચ્છરના પોરાના નાશ માટે ડ્રોન દ્વારા નદીમાં દવા છંટકાવ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પણ અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત તુષાર સુમેરાએ રામનાથપરાના પુલ પાસેની સ્થળ મુલાકાત પણ લીધી હતી.

જેમાં મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા પણ જોડાયા હતા. સ્થળ મુલાકાત દરમ્યાન નદીમાં આવતા ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન બંધ કરાવવા સંબંધિત વિભાગને સૂચના આપવામાં આવેલ છે તથા નદીમાંથી સોલિડ વેસ્ટ તથા બાંધકામ વેસ્ટનો નિકાલ કરી સ્થગિત પાણીનો પ્રવાહ ચાલુ કરાવવા સંબંધિત વિભાગને સુચના આપવામાં આવેલ છે. વોર્ડ નં.૩માં પોપટપરાના નાલા પાસે વોકળા સફાઈ માટે વોકળાગેંગને વોકળા સફાઈ કર્યા બાદ રબીશ તથા કચરાનો તરત જ યોગ્ય સ્થળે નિકાલ કરાવવો તથા રેલનગર ખાતે સાઘુવાસવાણી કુંજ રોડ પર જરૂરી સફાઈ માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીને સૂચના આપી છે.

# ૨૪ કલાકથી બસપોર્ટનું સર્વર ઠપ્પ થતા હજારો મુસાફરોમાં દેકારો!

### એડવાન્સ બુકીંગ સેવા ખોરવાઈ રિઝર્વેશન જ થતુ ન હોય લોકો કતારોમાં ઉભા રહી કંટાળી ગયા જવાબદારોને દંડ ફટકારવા મુસાફર હિતરક્ષક સમિતિની માંગ

રાજકોટ,તા.૧૯

રાજકોટ એસ.ટી.બસપોર્ટનું નેટસર્વર ૨૪-કલાકથી ઠપ્પ થઈ જતા એડવાન્સ બુકીંગ સેવા ખોરંભે ચડી ગઈ છે. આથી હજારો મુસાફરોમાં દેકારો મચી ગયો છે દરમ્યાન આ પ્રશ્ને વિભાગીય નિયામક જે.બી.કલોત્તરાનાં જણાવ્યા મુજબ હાલ આવી કોઈ સમસ્યા નથી !




ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના સમિતિના રાજકોટ એસટી બસ પોર્ટ ઢેબર રોડ પર બસ સ્ટેશનમાં લાંબા સમયથી અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહીવટ ચાલી રહ્યો છે અધિકારીઓને એની લેશમાત્ર ફરવા નથી. ગઈકાલે રાત્રે મુસાફરોમાં થી સમિતિને ટેલીફોનિક ફરીયાદ મળેલ હતી કે રિઝર્વેશન થતું નથી અને જીપીએસ સિસ્ટમ બંધ છે.જે ફરિયાદના સંદર્ભે સમિતિના બસ પોર્ટ ની મુલાકાત લેતા સ્થળ તપાસ કરતા જાણવા મળ્યું કે બપોરના ૨ કલાકથી જીપીએસ સિસ્ટમ બંધ છે જે અત્યારે પણ બંધ છે ૧૭૫ કરોડના ખર્ચે બનાવેલ અત્યાધુનિક એસટી બસ પોર્ટ માં મેઈન્ટેનન્સ નો અભાવે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ગઈકાલે બપોરના બે વાગ્યાથી બંધ થયેલ એસ.ટી બસોના તમામ લોકેશનની સ્ક્રીનો બંધ હાલતમાં છે જોકે રાત્રે ૯ થી ૫ કાયમ માટે બંધ રાખે છે જે અંગે ઉચ્ચસ્તરીય રજૂઆતો કરવામાં આવી છે.

# અક્કલનું પ્રદર્શન  કોર્પો.એ રોડ વચ્ચે બોર્ડ ખડકયું



મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરમાં અનેક જગ્યાએ આડેધડ બાંકડા અને સાઇન બોર્ડ મૂકી દેવામાં આવે છે. ઘણી જગ્યાએ તો લોકોને નડતરરૂપ અને બ્યુટીફીકેશન બગાડતા હોય તેવું લાગે છે. તેવામાં આજે તો ધરમ સિનેમાવાળા કસ્તુરબા માર્ગ પર તો તંત્રએ અકકલનું પ્રદર્શન કર્યુ હોય તે પ્રકારે વાહનોને નડે તે રીતે બોર્ડ ખડકયું છે.

કારડીયા રજપૂત છાત્રાલયની બહાર રોડ પર કોર્પો.નો પાણીનો વાલ્વ છે. આ વાલ્વ આજુબાજુ વાહન રાખવા આવશ્યક સેવાના કારણે પ્રતિબંધ હોય છે. હવે અહીં વાહન પાર્ક કરવાની મનાઈ છે તેવું બોર્ડ કોર્પો.ના જવાબદારોએ વાહન ભટકાઈ જાય એટલું રોડ નજીક રાખ્યું છે, અન્ય ટ્રાફિક સાઈનેજ બોર્ડ ફૂટપાથ પાસે છે.

પરંતુ વાલ્વ ચેમ્બર પાસેનું બોર્ડ તો રીતસર વાહનને નડે તે રીતે રાખતા આજે જાગૃત નાગરિકો અચંબામાં પડયા હતા. વાહન ચાલકો પણ કાળજી રાખીને નીકળતા હતા ત્યારે અધિકારીઓ કે કોર્પોરેટરોએ નજર નાંખીને આ પોલ રોડથી દુર અંદર ખસેડવો જોઈએ તેવો મત લોકોમાંથી ઉઠયો છે.

# પ્રિ - સ્કૂલ રજિસ્ટ્રેશનની મુદ્દત હજૂ નહીં લંબાવાતા સંચાલકોની હાલત કફોડી

### શિક્ષણ વિભાગ દ્વારા અપાયેલી મૌખીક બાંહેધરીનું પણ પાલન થયુ નથી પગલા લેવા માંગણી



અમદાવાદ,તા.૧૯

પ્રિ-સ્કૂલ રજિસ્ટ્રેશનને લઈને શિક્ષણ વિભાગનું નરોવા કુંજરોવાનું વલણ સંચાલકોને અકળાવી રહ્યું છે.૧૬ ફેબ્રુઆરીના રોજ રજિસ્ટ્રેશનની મુદ્દત પૂર્ણ થયા બાદ હજુ સુધી મુદ્દત લંબાવવા અંગે કોઈ નિર્ણય કરાયો નથી.ઉપરાંત સંચાલકોને આપેલી બાંહેધરી અનુસાર કોઈ જ રાહતો હજુ સુધી અપાઈ નથી.

બીજી બાજુ રાજયની માત્ર ૪૦૦ જેટલી જ પ્રિ-સ્કૂલોનું રજિસ્ટ્રેશન થયું છે ત્યારે મુદ્દત પૂર્ણ થવા પછી પણ રજિસ્ટ્રેશનનું પોર્ટલ ચાલુ રાખવામાં આવ્યું છે.આમ, આ તમામ બાબતો પ્રિ-સ્કૂલ સંચાલકોમાં વધુ મુંઝવણ ઉભી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં આવેલી પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનની મુદ્દત ૧૬ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થયા બાદ હજુ સુધી મુદ્દત લંબાવવા અંગે કોઈ નિર્ણય કરાયો નથી જો કે, બીજી બાજુ શિક્ષણ વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન માટેના પોર્ટલને ચાલુ રાખ્યું છે.

મુદ્દત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં રાજયની ૪૦૦ જેટલી પ્રિ-સ્કૂલોની નોંધણી થઈ હતી. અને બાકીની પ્રિ-સ્કૂલોની નોંધણી બાકી હતી.દરમિયાન, મુદ્દત વધારા સહિતના વિવિધ પ્રશ્નોને લઈને મંગળવારના રોજ ફરી એકવાર પ્રિ-સ્કૂલો એસો.ના ૩૫ પ્રતિનિધિઓની ટીમ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીને મળવા માટે પહોંચી હતી.

જો કે ગઈકાલે મંગળવારના રોજ મતગણતરી હોવાથી મંત્રી સાથે મુલાકાત થઈ શકી ન હતી અને હવે આગામી દિવસથી વિધાનસભાનું સત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી પણ મુલાકાત શકય ન જણાતા મંત્રીઓના સહાયકો સાથે મુલાકાત કરી રજૂઆત કરી હતી.

જેથી આ વિષય હજી સરકારમાં ચર્ચામાં છે અને ઉપલા લેવલે ચર્ચા ચાલી રહી હોવાનું જણાવી પોતાનો હાથ અદ્ધર કરી દીધા હતા.અધિકારીઓ દ્વારા પણ ફાઈલ નીકળી ગઈ છે, પ્રક્રિયામાં છે તેમ કહી ગોળગોળ જવાબો આપ્યા હોવાનું એસો.દ્વારા જણાવાયું હતું.

એસો.સાથે શિક્ષણ વિભાગની ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મળેલી મિટીંગમાં મૌખિક બાંહેધરી આપવામાં આવ્યા બાદ હજુ સુધી તે અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી ન હોવાથી સંચાલકોની સ્થિતિ કફોડી બની છે.રાજયની હજારો પ્રિ-સ્કૂલોનું રજિસ્ટ્રેશન થયું ન હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે અંધકાર ઉભું થવાની શકયતા છે. ઉપરાંત પ્રિ-સ્કૂલોનું સંચાલક કરતી અનેક મહિલાઓ પ્રિ-સ્કૂલો બંધ થશે તો રસ્તા પર આવી જશે,આમ આ મુદ્દે સરકારે વહેલી તકે યોગ્ય જવાબ આપી નિકાલ લાવવો જોઈએ તેવી માંગણી પ્રિ-સ્કૂલ સંચાલકો દ્વારા કરવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર ઝોન કક્ષા કબડ્ડી સ્પર્ધામાં રાજકોટ શહેરની ટીમનો વિજય, રાજ્ય કક્ષાએ પ્રવેશ



રાજકોટઃ હાલમાં ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત ઝોન કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે. જેમાં તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ જૂનાગઢ ખાતે સૌરાષ્ટ્ર ઝોન કક્ષા કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી.આ સ્પર્ધામાં રાજકોટ શહેરની ટીમે અસાધારણ પ્રદર્શન કરીને વિજય મેળવ્યો હતો, આ સાથે જ ટીમ રાજ્ય કક્ષા માટે ક્વાલિફાય થઈ આગામી દિવસોમાં રાજ્ય સ્તરે રમશે. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રાજકોટની ટીમે ખૂબ સુંદર રમત પ્રદર્શિત કરી, વિરોધી ટીમો સામે દમદાર જીત નોંધાવી હતી.વિજયની આ ગૌરવમય ક્ષણ બદલ જિલ્લા રમત-ગમત અધિકારી શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમાબેન મદ્રા તેમજ કોચ મયુર ટોળીયા દ્વારા રાજકોટ ટીમને શુભેચ્છાઓ આપી રાજ્ય કક્ષાએ સ્પર્ધામાં પણ શાનદાર પ્રદર્શન કરીને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આશા વ્યકત કરી હતી.

તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમાબેન મદ્રાની યાદીમાં જણાવાયું છે.

# ભાવનગરમાં સતત બીજા દિવસે આવકવેરાના દરોડા ચાલુ

### દરોડામાં ૪ કરોડથી વધુની રોકડ, બે ડઝન બેન્ક લોકર સીઝ ઢગલાબંધ બિનહિસાબી સાહિત્ય પકડાયું

રાજકોટ, તા. ૧૯

આવકવેરા વિભાગે ભાવનગર તથા સિહોરમાં ટોચના બિલ્ડર અને રાજકીય નેતા એવા ગીરીશ શાહના સુમેરૂ ગ્રુપ પર દરોડા ઓપરેશન હાથ ધર્યુ હતું તે દરમ્યાન બિલ્ડરની તબિયત લથડતા તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને મેડીકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું. નાણાકીય વર્ષની સમાપ્તિ પૂર્વે ઇન્કમ ટેકસ દ્વારા એક પછી એક દરોડા ઓપરેશનનો દૌર શરૂ કરવામાં આવ્યો છે તેના ભાગરૂપે ગઇકાલે ભાવનગર તથા સિહોરમાં જાણીતા બિલ્ડર સુમેરૂ ગ્રુપ ઉપરાંત ફાયનાન્સર, જવેલર્સ વગેરેને નિશાન બનાવની ૩૨ સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન રાત્રે સુમેરૂ ગ્રુપના બિલ્ડર અને શહેર ભાજપના પૂર્વ પ્રમુખ એવા ગીરીશ શાહને છાતીમાં દુખાવો ઉપડતા તત્કાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મેડીકલ ચેકઅપ કરાવાયું હતું, તબિયત સ્વસ્થ થતા ફરી સવારે ઘેર લાવવામાં આવ્યા હતા. દરમ્યાન ભાવનગરમાં ગઈકાલે સવારથી જ આવકવેરા વિભાગે દરોડા અને સર્ચની કામગીરી શરૂ કરી હતી જે આજે બીજા દિવસે પણ ચાલુ છે. આવકવેરા ના દરોડામાં ભાજપના અગ્રણી, બિલ્ડરો, જવેલર્સ, સોપારીના વેપારી, ફાયનાન્સરોની ૧૧ પેઢીઓના ૩૨ સ્થળોએ ૩૬ ટીમો તપાસ કરી રહી છે. પ્રાથમિક વિગતો પ્રમાણે ૪ કરોડથી વધુ રોકડ તથા બે ડઝન જેટલા બેન્ક લોકર સીઝ કરવામાં આવ્યા છે

ઉપરાંત ઢગલાબંધ શંકાસ્પદ હિસાબી સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે. ભાવનગરમાં આવકવેરાના સામૂહિક દરોડા થી બિલ્ડર લોબી સહિત આગેવાનોમાં હલચલ મચી ગઈ છે. ભાજપના અગ્રણી અને બિલ્ડર ગીરીશભાઈ શાહની સુમેરૂ બિલ્ડકોન પેઢી અને આતાભાઈ રોડ નજીકના બંગલો, ઓર્ચિડ બિલ્ડરની શિશુવિહારની ઓફિસ, બિલ્ડર કમલેશ શાહના આંબાવાડીના બંગલો, નઝીર કલીવાળાના શિશુવિહારના બંગલો, સિધ્ધિ વિનાયક બિલ્ડકોનના સંજય સોનાણીની શિવાંજલી બિલ્ડીંગ આતાભાઈ રોડ, બિલ્ડર પરેશ વ્યાસ ચિત્રા, જે.ડી.ઈન્ફાકોન બિલ્ડરના જે.ડી.પટેલ ઈસ્કોન મેગા સિટી, મહાબલ ફાયનાન્સ દાણાપીઠ, મહેતા વાડીલાલ જમનાદાસ એન્ડ કંપની દાણાપીઠ, ફાયનાન્સર ભરત વાડીલાલ દાણાપીઠ, આર.જે.ધોળકીયા પેઢી સિહોર અને નિસર્ગ બંગલો તથા સિહોરની પરાગ પરફ્યુમ્સ ફેક્ટરી ઓફિસ જયેશ ધોળકીયાના ઇસ્કોન સૌદર્યના બંગલો, સોની દ્વારકાદાસ વિરચંદ વાઘાવાડી રોડ શો-રૂમ અને આંબાવાડીના ગોકુલેશ બંગલો, સોપારીના વેપારી અને ડેન્ટોબેકના ડિલર સ્વસ્તિક સ્ટોર નાનભા શેરી દાણાપીઢ અને વાસુપુજ્ય ફ્લેટ કાળુભા રોડના સ્થળોએ આવકવેરા વિભાગની તપાસ ચાલી રહી છે.

# વિધાનસભાના પ્રથમ દિવસે જ આક્રમક વલણ અપનાવાયુ

### કોંગ્રેસના ધારાસભ્યો હાથકડી-બેનર સાથે વિધાનસભા પહોંચ્યા અમેરિકાથી ડિપોર્ટ સાથે વ્યવહારનો વિરોધ



રાજકોટ આજથી શરૂ થયેલા ગુજરાતના બજેટ સત્રમાં વિપક્ષ કોંગ્રેસે હાલમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયોને જે રીતે હાથકડી તથા પગમાં બેડી પહેરાવીને મોકલાયા હતા તે મુદે આક્રમક રીતે રજુઆત કરવા માટે ગૃહમાં હાથમાં હાથકડી પહેરીને વિરોધ પ્રદર્શન કરતા પહોંચ્યા હતા. અમેરિકાથી ડિપોર્ટીના હાથકડી-બેડી સાથેના વિડીયો ફોટા ખુદ અમેરિકી ઈમીગ્રેશન વિભાગે વાયરલ કર્યા છે અને આ રીતે ભારતીયોનું અપમાન કર્યુ છે તેવુ જણાવીને કોંગ્રેસના ધારાસભ્યો પણ પક્ષના નેતા અમીત ચાવડાની આગેવાનીમાં હાથકડી પહેરીને બેનર સાથે વિધાનસભા સંકુલમાં દેખાવો કર્યા હતા. ભારતીયો સાથે જે પ્રકારે વ્યવહાર થયો છે તેનાથી દેશભરમાં આક્રોશ સર્જાયો છે. જો કે સરકારે એમ કહીને બચાવ કર્યા કે તે અમેરિકી કાનૂન મુજબ જ હાથકડી બેડી પહેરાવાઈ છે.

### શિક્ષણમંત્રી દ્વારા રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ એકશન પ્લાન જાહેર

# રાજકોટ જીલ્લામાં ૭૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ આપશે બોર્ડની પરીક્ષા

### ૬૫ કેન્દ્રો, ૩૦૫ બિલ્ડીંગો અને ૨૭૪૬ જેટલા બ્લોકમાં લેવાશે.વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીની કસોટી પરીક્ષા ખંડમાં મોબાઈલ સાથે પકડાનાર વિદ્યાર્થીઓ સામે લેવાશે કડક પગલા

રાજકોટ તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭ થી રાજકોટ સહિત રાજયભરમાં ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. આ અંગે આજે રાજયના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા દ્વારા રાજકોટ સહિત રાજયભરનાં જીલ્લા કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી આ પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. રાજકોટ શહેર જીલ્લામાં ૭૮૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષામાં બેસનાર છે.જેમાં ધો.૧૦ ના ૪૭૨૮૦, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનાં ૭૭૮૦,અને ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં ૨૩૩૭૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.જીલ્લામાં ૬૫ કેન્દ્રો ૩૦૫ શાળાઓની બિલ્ડીંગો અને ૨૭૪૬ વર્ગખંડો (બ્લોક) માં આ કસોટી લેવામાં આવનાર



છે.

બોર્ડની પરીક્ષામાં ઉપયોગમાં લેવામાં આવનાર આ તમામ શાળાઓની બિલ્ડીંગો સીસીટીવી કેમેરાથી સજજ છે.પરીક્ષા દરમ્યાન ગેરરીતી ચોરીના બનાવ ન બને તે માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

બોર્ડની પરીક્ષા સંદર્ભે શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની વિડીયો કોન્ફરન્સ બાદ આજે કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જીલ્લા પરીક્ષા સમિતિની બેઠક મળી હતી.જેમાં ઈન્ચાર્જ જીલ્લા શિક્ષણ અધિકારી પરમાર જીલ્લા પ્રાથમીક શિક્ષણ અધિકારી પટેલ તેમજ પોલીસ અધિકારી વિજ કંપનીનાં ઈજનેર સહિતના અધિકારીઓએ હાજરી આપી હતી. આ બેઠક દરમ્યાન કલેકટર પ્રભવ જોશી દ્વારા બોર્ડની આ પરીક્ષા દરમ્યાન વિજ પુરવઠો જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુચારૂ રૂપથી જળવાય એસ.ટી.બસ સર્વીસો સમયસર દોડે સહિતની બાબતે અધિકારીઓને સુચના આપી હતી તેમજ આ પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરી કલેકટર પ્રભવ જોશી દ્વારા અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવી હતી.

# LIC કર્મચારીઓ દ્વારા આજે એક કલાકની રાષ્ટ્રવ્યાપી હડતાલ

### કર્મચારીઓની ભરતી સહિતના પ્રશ્નો અધ્ધરતાલ લટકતા રહેતા બાયો ચડાવતુ એસો દેશભરના કર્મચારીઓ લડતમાં જોડાશે

રાજકોટ,તા.૧૯

જીવન વીમા સંસ્થા એલઆઈસી ઓફ ઈન્ડિયાના અખિલ ભારતીય સ્તરના ટોચના કર્મચારી સંગઠન ઓલ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા આવતીકાલ તા. ૨૦મીએ ગુરુવારે બપોરે ૧૨૩૦ થી ૧.૩૦ સુધી એક કલાકની એલ.આઈ.સી કર્મચારીઓની દેશવ્યાપી હડતાલનું એલાન આપવામાં આવ્યું છે.આ હડતાલમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છ અને દેશભરના કર્મચારીઓ જોડાશે.આ અંગે ઓલ ઈન્ડિયા ઈન્સોરન્સ એમ્પ્લોઈઝ એસો.ના વાઈસ પ્રેસીડેન્ટ હર્ષદ પોપટે જણાવેલ છે કે એલ.આઈ.સી ઓફ ઈન્ડિયામાં વર્ગ ૩ ના




કર્મચારીઓની ભરતી કરવા અને કર્મચારી સંગઠન ને માન્યતા આપવાની માંગણી સાથે આ દેશ વ્યાપી હડતાલનું એલાન આપવામાં આવેલ છે.

એલ.આઈ.સી ઓફ ઈન્ડિયા ની દેશભરની કચેરીઓમાં વર્ગ ત્રણ ના કર્મચારીઓ સંખ્યામાં નિવૃત્તિને કારણે નોંધપાત્ર ઘટાડો થયો છે અને બીજી બાજુ વર્તમાન કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધતું જાય છે ત્યારે કર્મચારીઓની ભરતી કરવાની તાતી જરૂરિયાત છે. તે માગણીને વધુ મજબૂત બનાવવા અને સાથેસાથ કર્મચારી સંગઠન તરીકે ને સત્તાવાર માન્યતા આપે તે માગણી સાથે આ દેશવ્યાપી હડતાલનું એલાન આપવામાં આવેલ છે તેમ સૌરાષ્ટ્ર કચ્છના અગ્રણી વીમા કર્મચારી નેતા હર્ષદ પોપટે જણાવ્યું હતું.

AIIEA LIC કર્મચારીઓનું રાષ્ટ્રીય સ્તરનું ટોચનું સંગઠન છે અને લગભગ ૯૦ ટકા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ સંગઠન કર્મચારીઓના હકક અને હિતોના રક્ષણની સાથેસાથ માતૃ સંસ્થા એલઆઈસીને પણ વધુ મજબૂત બનાવવાના પ્રયાસો હરહંમેશ કરતું રહ્યું છે અને દેશમાં રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિમાં પણ આ સંગઠનનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ગુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.20/2/2025 THURSDAY


# સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશનની તબીબી સિધ્ધી

## રાજકોટની શાશ્વત હોસ્પિટલના સુપરસ્પેશિયાલિસ્ટ તબીબો અને સપોર્ટીંગ સ્ટાફે મહિલા દર્દીનું કર્યું સફળ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન

- **એક જ માસમાં મહિલા દર્દીને ગંભીર પ્રકારના માથલોમાં કેન્સરમાંથી નવજીવન પામી રાબેતા મુજબનું નવજીવન મળ્યુ**




રાજકોટ, તા. ૨૦: રાજકોટ હવે ન માત્ર સૌરાષ્ટ્રનું પરંતુ ગુજરાતનું મેડિકલ હબ બની રહયુ છે. વિદેશમાં વસતાં નોન રેસિડેન્ટ ગુજરાતીઓ અને એન.આર.આઈ પણ મેડિકલ કોઝ માટે રાજકોટની મેડિકલ હબ તરીકે પસંદગી કરી રહયા છે. સ્થાનિક તબીબોની દર્દીઓ પ્રત્યેની આત્મિય સારવાર પધ્ધતિ અને આંતરાષ્ટ્રિયસ્તરની સારવારનો સમન્વય હવે રાજકોટને મેડિકલ હબના રાષ્ટ્રિય નકશામાં મૂકી રહયુ છે. તબીબી જગતના કેટલાંક જટીલ કહિ શકાય એવા ક્ષેત્રોમાં પણ હવે રાજકોટ ઉજ્જવળ પરિણામો આપી રહયુ છે. તાજેતરમાં જ રાજકોટની શાશ્વત હોસ્પિટલમાં એક મહિલા દર્દીનું બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યુ છે. માત્ર એક મહિના બાદ આ મહિલા દર્દી તેમનું રોજીંદુ જીવન જીવવા માંડી છે. એટલું જ નહિ માયલોમા પ્રકારના બ્લડકેન્સરની જીવલેણ કહેવાતી બિમારીમાંથી સંપૂર્ણ મુકત બન્યા છે. આ તબીબી સિધ્ધી રાજકોટની શાશ્વત હોસ્પિટલના ડો. સુજય રાઈચવારની આગેવાનીમાં ડો.અલ્પેશ કિકાણી, ડો.ગૌતમ માકડિયા, ડો.મહેશ વિડજા, ડો.મનિષ વિડજા, ડો.વિવેક કડાવલા, ડો.દિવ્યેશ ધંધુકિયા, ડો.તસ્નીમ ત્રિવેદી તથા નર્સીંગ ટીમના પાર્થ ગોસ્વામી અને ભાવિન સોલંકીની ટીમે પાર પાડી હતી.

આ અંગે પત્રકાર પરિષદમાં વિગતો આપતાં ડો.સુજય રાઈચવાર જણાવ્યુ હતું કે, શાશ્વત હોસ્પિટલમાં શશીબેન નામના એક દર્દી થોડા માસ પૂર્વે આવ્યા હતાં. તેમના મેડિકલ રિપોર્ટ બાદ તેમને મલ્ટીપલ માથલોમાં (ગંભીર પ્રકારનું લોહિનું કેન્સર) હોવાનુ માલુમ થયુ હતુ. શાશ્વત હોસ્પિટલમાં તેમના સઘન મેડિકલ રિપોર્ટ બાદ એવું નિદાન થયુ હતું કે તેમને કેન્સરની ગંભીર બિમારીમાંથી મુકત કરી પુનઃ તંદુરસ્ત જીવન આપવા માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન જરૂરીછે. આ માટે સૌ પ્રથમ શરિરમાં રહેલા કેન્સરના કોષને નાબુદ કરવા માટે સુપરસ્પેશિયાલિસ્ટ તબીબો, હિમેટોલોજીસ્ટ, ઈન્ટેન્સીવિસ્ટ તબીબોની આખી ટીમ કામે લાગી. આ મહિલા દર્દીને તબીબોના સતત નિરિક્ષણ વચ્ચે કીમોથેરાપી આપવામાં આવી. બાદમાં સ્ટેમસેલથેરાપી અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યુ. ખુબ જ ક્રિટિકલ સારવારને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા બાદ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતાં. એક માસના તેમના મોનીટરીંગ બાદ ચોકકસપણે કહી શકાય કે આ મહિલા દર્દી હવે તેમનુ રોજીંદુ જીવન રાબેતા મુજબ જીવી રહયા છે. કેન્સર જેવી ગંભીર વ્યાધિ સામે શાશ્વતની તબીબી ટીમે જે રીતે મહિલા દર્દીને નવજીવન આપ્યુ છે તે રાજકોટ, સૌરાષ્ટ્રના દર્દીઓ માટે પણ આશાનુ નવું કિરણ બની રહેશે. કારણ કે સામાન્ય રીતે આ પ્રકારના બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન ૧૦ થી ૧૪ લાખ રૂપિયાના ખર્ચે થતાં હોય છે. પરંતુ શાશ્વતની ટીમે મુખ્યમંત્રીની ખાસ કલ્યાણ યોજના અને અન્ય તબીબી સહાય વડે માત્ર ચોથા ભાગની રકમમાં દર્દીને નવજીવન

## રાજકોટના ઉદ્યોગપતિનો વિશ્વમાં ડંકોઃ રાજ કૂલિંગ સિસ્ટમે દુનિયાનું સૌથી મોટું એર કૂલર બનાવી ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું




**આ સિદ્ધિ માત્ર એક રેકોર્ડ નથી, પરંતુ નવાચાર અને ટેક્નોલોજી દ્વારા ગ્રાહકો માટે શ્રેષ્ઠ ઉત્પાદનો આપવા પ્રતિબદ્ધતાનું પ્રતિકઃ MD શ્રી કલ્પેશ રામોલિયા**

રાજકોટ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઉદ્યોગકારો માટે એક હબ છે જેમાંના એક ઉદ્યોગપતિએ પોતાની કુશળતાનો પરચો આપી વિશ્વભરમાં ડંકો વગાડ્યો છે. રાજ કૂલિંગ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલું વિશ્વનું સૌથી મોટું ૧૫ ફૂટ ઊંચાઈ ધરાવતું એર કૂલરની સિદ્ધિને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. એટલું જ નહિ પરંતુ રાજ કૂલિંગ સિસ્ટમ લિમિટેડ અમદાવાદ જિલ્લાની એકમાત્ર કંપની છે કે જેને BIS રજીસ્ટ્રેશન પ્રાપ્ત થયું છે. કંપની પાસે ૮૦થી વધુ ડિઝાઈનની પેટન્ટ છે તો ૧૦૦થી વધુ ટ્રેડમાર્ક પણ છે.

# રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજય ચૂંટણીમાં ભાજપનાં ભવ્ય વિજયના કિંગ મેકર : અલ્પેશ ઢોલરિયા

■ **ધોરાજી નગરપાલિકાની ચૂંટણીમા વિજયના માસ્ટર માઈન્ડ પ્રફુલભાઈ ટોળીયા**

રાજકોટ, તા. ૨૦: રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા ની આગેવાની લડાઈ રહેલ સ્થાનીક સ્વરાજય ની ચૂંટણીમાં ભાજપ નો ભવ્ય વિજય પાછળના કિંગ મેકર તરીકે તેઓ ઉભરી આવ્યા છે. ગેમ ચેન્જિંગ તરીકે તેઓએ હંમેશા કામગીરી કરીને ભાજપ ને ભવ્ય વિજય અપાવ્યો છે. રાજકોટ જિલ્લામાં આવતી પાંચ નગરપાલિકા અને તાલુકા પંચાયત ની પેટા ચૂંટણીમાં ભાજપ નો ભવ્ય વિજય નો શ્રેય અલ્પેશભાઈ ઢોલરીયા ને ફાળે જાય છે. માઈક્રો પ્લાનિંગ અને સરકાર ની યોજનાઓ વિશેની માહિતી દરેક ઘર સુધી પહોંચે તેવા પ્રયાસો કરીને, સતત સભાઓ, ગ્રુપ મિટીંગો યોજી રાજકોટ જિલ્લામાં સૌથી અઘરી ગણાતી ધોરાજી અને ભાયાવદર નગરપાલિકામાં ભવ્ય વિજય અપાવ્યો. ધોરાજી નગરપાલિકામાં ભાજપના ભવ્ય વિજયના માસ્ટર માઈન્ડ તરીકે પ્રફુલભાઈ ટોળીયા રહ્યા હતાં. ધોરાજી નગરપાલિકા કે જ્યાં કોંગ્રેસ નુ શાસન હતુ. લઘુમતી ની સૌથી વધુ વસ્તી



ધરાવતા ધોરાજીમાં ભાજપ નો ભગવો લહેરાવવો ખૂબ જ કઠિન હતુ ત્યારે રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા ના નજીકના ગણાતા અને રાજકીય ચાણક્ય ગણાતા પ્રફુલભાઈ ટોળીયા ને ધોરાજીના પ્રભારી તરીકે નિયુક્ત કરાયા. પ્રફુલભાઈ ટોળિયા એ પોતાના દોઢ વર્ષના કાર્યકાળ દરમિયાન ધોરાજીમાં સતત મહેનત કરીને નાનામા નાના કાર્યકર સુધી પહોંચી તેમના પ્રશ્નો સાંભળ્યા, જૂથવાદનુ ઘર ગણાતું ધોરાજીમાં નાના મોટા આગેવાનોને મળીને તેઓને એક કર્યા, સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ સમાજના શ્રેષ્ઠીઓને પાર્ટી સાથે જોડી ધોરાજીમાં એક અલગ જ વાતાવરણ ઊભું કરવામાં સફળ રહ્યા. રાત દીવસ ની મહેનત, સતત સભાઓ, ગ્રુપ મિટીંગો યોજી ધોરાજીમાં ભાજપને ભવ્ય વિજય અપાવવામાં સફળ રહ્યા. આ બાબતે પ્રફુલભાઈ ટોળીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ જીત કાર્યકરોની જીત છે. અમે ચૂંટણી દરમિયાન જે પણ વાતો વચનો આપ્યા તે પુર્ણ કરવાની અમારી જવાબદારી વધી છે. ધોરાજીનો પ્રાથમિક અને મહત્વ નો પ્રશ્ન પાણી નો છે જે અમે શક્ય તેટલી વહેલી તકે પુર્ણ કરવાના પ્રયાસો કરશુ.

# કાણકિયા કોલેજના એન.એસ. એસ. યુનિટની વાર્ષિક શિબિરનો ઉદ્દઘાટન સમારોહ ધજડીપરા મુકામે સંપન્ન થયો

સાવરકુંડલા, તા. ૨૦: શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી.કાણકિયા આર્ટ્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલાના એન.એસ.એસ. યુનિટની વાર્ષિક શિબિરનું તારીખ ૧૯-૨-૨૦૨૫ ના રોજ સાવરકુંડલા તાલુકાના ધજડીપરા ગામે બોઘરિયાણી ખોડીયાર મંદિર ખાતે ઉદ્દઘાટન થયું. કાણકિયા કોલેજ NSS યુનિટ અને બોઘરિયાણી ખોડિયાર માતાજી મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ શિબિરનું ઉદ્દઘાટન ખોડિયાર મંદિર ટ્રસ્ટ, ધજડીપરાના પ્રમુખશ્રી ગુણવંતભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં ખોડિયાર મંદિરના મહંત પૂજ્ય મહેશદાસજી બાપુના આશીર્વાદ તથા સૌરાષ્ટ્ર યુનિ. એન.એસ.એસ.વિભાગના કો-ઓર્ડીનેટર ડો. એન.કે ડોબરિયાસાહેબના શુભ સંદેશ સાથે કરવામાં આવ્યું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સાવરકુંડલા નગર પાલિકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી,અતિથિ વિશેષ તરીકે ધજડી ગામના સરપંચશ્રી ભરતભાઈ ધડૂક,ઉપસરપંચશ્રી મહેશભાઈ રાદડિયા,






રિપોર્ટર: યોગેશ ઉનડકટ સાવરકુંડલા

શાળાના આચાર્યશ્રી ભીખુભાઈ આજુગિયા,શ્રી નૂતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા, ટ્રસ્ટીશ્રી વિનુભાઈ રાવલ, પુણ્યશ્લોક શ્રીલલુભાઈ શેઠના સુપુત્ર ડોક્ટર દીપકભાઈ શેઠ, સાવરકુંડલા નાગરિક બેંકના ચેરમેન તથા હોમગાર્ડ કમાન્ડર અને શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ સાવજ, ઉપરાંત સામાજિક અગ્રણીશ્રીઓ પ્રતિકભાઈ નાકરાણી, હેમાંગભાઈ ગઢીયા, લાલાભાઈ ગોહિલ,વિપુલભાઈ સોજીત્રા, વિનુભાઈ બુહા, શૈલેષભાઈ સાવલિયા, અમરસિંહભાઈ રાઠોડ તેમજ ધજડીપરાના ગ્રામજનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

મહેમાનો તથા કાણકિયા કોલેજના પ્રિન્સિપાલ શ્રી એસ.સી. રવિયા સાહેબ, એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો.આશિષભાઈ ચૌહાણ તથા સમગ્ર કોલેજ સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં શિબિરાર્થીઓ દ્વારા સર્વધર્મ સમૂહ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ત્યારબાદ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ધજડીપરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ભીખુભાઈ આજુગિયાના સહકારથી શાળાના શિક્ષિકાશ્રી જાગૃતિબેન બોરીસાગર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ સ્વાગત ગીતની શાળાની બાલિકાઓએ સુંદર પ્રસ્તુતિ કરી હતી. આભાર દર્શન કોલેજના વાઇસ પ્રિન્સિપાલ પ્રો.રિનુબેન ચૌધરીએ કરેલ.આભાર દર્શન બાદ કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. સાત દિવસની આ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા પ્રભાતફેરી, ગ્રામસફાઈ, જન જાગૃતિ, હેલ્થ અવેરનેસ, વ્યસન મુકિત, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રકૃતિ અને પર્યાવરણ સુરક્ષા તથા બેટી બચાવો જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.




# જૂનાગઢ કલેકટર શ્રી અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને મહા શિવરાત્રીના મેળાના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

## મહાશિવરાત્રી મેળામાં યાત્રિકો–ઉતારા–અન્ન ક્ષેત્રોની સગવડતા અંગે સાધુ સંતો અને સામાજિક અગ્રણીઓ અને વહીવટી તંત્ર વચ્ચે હકારાત્મક સંવાદ થયો

- **મેળાની ભક્તિમય અને ગરિમામય ઉજવણી અર્થે ભાવિકોની પાયાની સવલતો માટે જિલ્લા તંત્ર કટિબધ્ધઃ કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા**
- **તા.૨૨ થી ૨૬ ફેબ્રુઆરી સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે**

જૂનાગઢ, તા.૧૯ઃ આધ્યાત્મિક અને પૌરાણિક મહત્વ ધરાવતા સુપ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનો તા.૨૨ ફેબ્રુઆરીથી વિધિવત રીતે પ્રારંભ થશે. અને તા.૨૬ ફેબ્રુઆરી મહાશિવરાત્રી ની મધ્ય રાત્રે મેળો સંપન્ન થશે.ત્યારે મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકોને કોઈ અગવડતા ન પડે , વિવિધ સુવિધા અને વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લા કલેકટર શ્રી અનિલ રાણાવાસીયાના અધ્યક્ષ સ્થાને મુખ્ય મીટીંગ યોજાઇ હતી.

મેળાના આયોજન અને કામગીરી સાથે જોડાયેલા શીર્ષ અધિકારીઓની ઉપસ્થિતિમાં સાધુ સંતો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધીઓ સાથે કલેકટર કચેરી જૂનાગઢ ખાતે શિવરાત્રીના મેળાના કામગીરીના આયોજનની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ મિટિંગમાં કલેકટરે જણાવ્યું કે શિવરાત્રીના મેળામાં સાધુ સંતો,ભક્તો, સ્વયંસેવકો કોઈને અગવડ ન પડે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.

બહારથી આવતા યાત્રિકોને શુદ્ધ પીવાનું


તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

પાણી,પાર્કિંગ, મોબાઈલ ટોયલેટ , આરોગ્ય,ટ્રાફિક સમસ્યા તેમજ ઉતારા મંડળોના મળેલા સૂચનોને ધ્યાનમાં રાખીને શિવરાત્રીનો મેળામાં લોકોને કોઈ અગવડતા ન પડે તેનું વિશેષ ધ્યાન રાખીને તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. વધુમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે શિવરાત્રીનો મેળો પ્લાસ્ટિક મુક્ત યોજાય તે માટે મોબાઈલ વાન દ્વારા ચેકીંગ કરવામાં આવશે. તેમજ લોકોના આરોગ્ય જોખમાય નહીં તે માટે ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતાઓને ત્યાં ચેકીંગ કરવામાં આવશે અને લોકોની સુરક્ષાને પ્રાધાન્ય આપીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે.

કલેકટરશ્રીએ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓના સૂચનો પણ સાંભળ્યા હતા. હકારાત્મક સંવાદ થકી મેળામાં ભાવિકોની સુવિધા ને પ્રાધાન્ય મળે તે માટે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને જરૂર જણાયે મિટિંગ બોલાવીને તેમનું યોગ્ય નિરાકરણ કરવા પણ સૂચના આપી હતી. મેળામાં નિયમો અનુસાર ઉપલબ્ધ જગ્યાઓ, ઉપલબ્ધ સંસાધનો પ્રમાણે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવે છે અને સૌના સહયોગથી સહિયારા પ્રયાસોથી સૌએ સાથે મળીને આ મેળાની ઉજવણી કરવાની છે તેમ પણ કલેક્ટર શ્રી એ જણાવ્યું હતું.

ભવનાથ ખાતે રાઉન્ડ ધ કલોક સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે. અને મેળા વિસ્તારનો સમગ્ર વિસ્તાર સફાઈમાં આવરી લેવામાં આવેલ છે, જેમાં ૧૫ સુપરવાઈઝર ૧ લાઈઝન અને ૨ જનરલ સુપરવાઈઝર દવારા સુપરવિઝન, તથા ૨૦૦ સફાઈ કર્મચારીઓ મારફત વિસ્તાર અને મુખ્ય માર્ગો/ રૂટની સફાઈ અને ૧૦૦ બેગ જંતુ નાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. અને પ્રતિબંધીત પ્લાસ્ટીક નિયંત્રણ માટે ૧ ટીમ મારફત સતત સુપર વિઝન કરવામાં આવશે.

### જાહેર પે એન્ડ યુઝ તથા મોબાઈલ ટોઈલેટ વ્યવસ્થા

૭- જાહેર શૌચાલય - યુરીનલ બ્લોક (ટોઈલેટ બ્લોક), ૨-પે એન્ડ યુઝ શૌચાલય અને યુરીનલ બ્લોક (ટોઈલેટ બ્લોક),ભવનાથમાં વાડી, ધાર્મિક જગ્યા, ઉતારાઓ, હોટલો વગેરેમાં ૨૩૦૦ જટેલા શૌચાલય યુરીનલ કાર્યરત,૦૬ - મોબાઈલ ટોઈલેટ જરૂરીયાત મુજબના સ્થાનો પર મુકવામાં આવ્યા છે.

૧૦૮ એમ્બ્યુલન્સ ભવનાથ સુદર્શન તળાવ ઉદાસીન અખાડા સામે -૧,જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે મેદાન ખાતે - ૩,અશોક શિલાલેખ પાસે - ૧,પાજનાકા પાસે - ૧, દામોદર કુંડ પાસે - ૧,વડલી ચોક - ૧, પુનીત આશ્રમ દવાખાના ખાતે- ૧ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ રખાવવામાં આવશે.આ ઉપરાંત સુદર્શન તળાવ મ.ન.પા. ઝોનલ ઓફિસ ખાતે, ગોરક્ષનાથ આશ્રમ રીંગ રોડ, જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ અને વડલી ચોક, ભવનાથ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર યાત્રી સુવિધા હેતુસર રાખવામાં આવનાર છે. મહાશિવરાત્રી મેળા દરમ્યાન આવક્યતા ઉપસ્થીત થયે ત્વરીત ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે સદુર્શન તળાવ પાસે - ૧, જિલ્લા પચાયત ગસ્ટ હાઉસ સામે મેદાન ખાતે-૧,ભવનાથ રીંગ રોડ ખાતે - ૧ નીચે મુજબના પોઈન્ટ ઉપર મહાનગરપાલિકા,જૂનાગઢના ફાયર ફાઈટર ઉપલબ્ધ રખાવવામાં આવશે, અને આવશ્યકતા જણાય તે માટે સુદર્શન તળાવ, ભવનાથ તળેટી અને દામોદર કુંડ બે પોઈન્ટ ઉપર મહાનગરપાલિકા, જૂનાગઢની ફાયર બ્રીગેડ બચાવ તરવૈયા ટુકડી પુરતા સાધનો સાથે ઉપલબ્ધ રખાવવા આવશે. આ બેઠકમાં શ્રી હરીગીરીબાપુ, શ્રી ઈન્દ્રભારતી બાપુ, શ્રી મહેન્દ્રાનંદ બાપુ, શ્રી હરિ હરાનંદ બાપુ, ગિરનાર ક્ષેત્રના વિવિધ સંતો,મહંતો તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, જૂનાગઢ મહાનગરપાલિકા કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નિતીન સાંગવાન, નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમર, અધિક કલેકટર એનએફ ચૌધરી, મેળા અને પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ સહિતના શીર્ષ અધિકારીશ્રીઓ તેમજ સાધુ સંતો,અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



# કોડીનારના વિઠ્ઠલપુરની ખાણમાંથી ગેરકાયદેસર રીતે ૧.૫૨ લાખ મે.ટનનું ખનન બદલ ૭.૬૮ કરોડનો દંડ ફટકાર્યો

- **ખાણમાંથી મંજુરી વગર ૧.૫૨ લાખ મે.ટનનું લાઈમસ્ટોનનું ખોદકામ–નિકાસ કર્યાનું ખુલતા તંત્રએ કરી આકરી કાર્યવાહી**
- **વિઠલપુરની ખાણ પર્દાપાછળથી રાજકીય આગેવાન ચલાવતા હોવાની પંથકભરમાં શરૂ થયેલ ચર્ચા**

વેરાવળ, તા. ૨૦: ગીર સોમનાથના કોડીનાર પંથકના વિઠલપુરની લાઈમસ્ટોનની ખાણમાં તંત્રએ ઓચિંતો દરોડો પાડી તપાસ હાથ ધરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. જેમાં ખાણમાંથી મંજુરી ઉપરાંત ૧.૫૨ લાખ મે.ટનની વધારાનું ખોદકામ અને નિકાસ થઈ હોવાનું જાણવા મળતા તંત્રએ લીઝ ધારકને રૂ.૭.૬૮ કરોડનો દંડ ફટકારવાની કડક કાર્યવાહી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. આ ખાણનું સંચાલન પર્દાપાછળ રાજકીય આગેવાન કરતા હોવાની પંથકભરમાં ચર્ચાઓ શરૂ થઈ છે.

ગીર સોમનાથ જીલ્લામાં મોટાપાયે ગેરકાયદેસર ખનીજ ખનન, ચોરી અને હેરાફેરીની થતી ગેરકાયદેસર પ્રવૃત્તિ ડામી દેવા તંત્ર અસરકારક કામગીરી કરી રહ્યુ છે. દરમ્યાન તંત્રને મળેલ માહિતીના આધારે જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ ગઈકાલે કોડિનારના વિઠ્ઠલપુરમાં રેવન્યુ અને ખાણખનીજની ક્ષેત્રીય ટીમ દ્વારા ભગવાન બાલુભાઈ ડોડિયાની ક્વોરી બિલ્ડીંગ લાઈમસ્ટોનની ખાણ ઉપર દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી. જેમાં સર્વે નં.૨૨૦ પૈકી ૧ માં ૨.૪૦.૭૬ હેકટરના વિસ્તારમાંથી ૧,૫૨,૫૧૦ મેટ્રિક ટન લાઈમસ્ટોનના જથ્થાનું ગેરકાયદેસર રીતે ખોદકામ - નિકાસ કરાઈ હોવાનું સામે આવ્યુ હતુ.



આ ઉપરાંત લીઝ ધારકે કરાર ખતની શરતો મુજબ લીઝનો વિસ્તાર દર્શાવતા પાકાં હદ નિશાન તથા લીઝ ફરતે તારથી ફેંસિંગ કરેલ ન હોવાનું તપાસમાં જોવા મળ્યુ હતુ. જે લીઝકરારની શરતોનો ખુલ્લેઆમ ભંગ સમાન હતુ. તપાસણી મુજબ લીઝ વિસ્તારમાંથી રોયલ્ટી ભરપાઈ કર્યા વગર ૧,૫૨,૫૧૦ મે.ટનના જથ્થાનું વધુ ખોદકામ કરી ગેરકાયદેસર નિકાસ કરી હોવાનું જાણવા મળેલ હતુ. ઉપરોકત તમામ ત્રુટીઓને લઈ ગુજરાત મીનરલ્સ પ્રિવેંશન ઓફ ઈલીગલ રૂલ્સ-૨૦૧૭ ના ભંગ બદલ ધોરણસરની કાર્યવાહી હાથ ધરીને લીઝ ધારકને કુલ રૂ.૭,૬૮,૬૫,૦૪૦ જેટલા માતબર દંડ ફટકારી નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી છે.



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

# RTEમાં એડમિશન માટે ૨૮મીથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

## ૯૨૧ ખાનગી શાળાઓમાં ૬,૬૪૦ આર્થિક નબળા બાળકો ધો.૧માં પ્રવેશ મેળવી ધો.૮ સુધી ફ્રી એજ્યુકેશન મેળવી શકશે

રાજકોટ, તા. ૨૦: ગુજરાત સરકાર દ્વારા ખાનગી શાળાઓમાં ૨૫% બેઠક પર ગરીબ અને જરૂરિયાત વાળા બાળકોને ધોરણ-૧માં મફત પ્રવેશ માટે RTE (રાઇટ ટુ એજ્યુકેશન) હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ આજે જાહેર કરવામાં આવેલી છે. ૨૮મી ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ સુધી વાલીઓ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧.૨૦ લાખ તો શહેરી વિસ્તારમાં આવક મર્યાદા રૂ. ૧.૫૦ લાખ રાખવામાં આવેલી છે. જેમાં અલગ-અલગ ૧૩ કેટેગરીમાં અગ્રતા આપવામા આવશે. રાજકોટ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં ૯૨૧ ખાનગી શાળાઓમાં ૬,૬૪૦ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં એડમિશન મેળવી શકશે.

ગત વર્ષે ૨૦૨૪માં કુલ ૮૦૪ ખાનગી શાળાઓમા ૪,૪૮૭ બેઠક પર જ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ થયા હતા. ગત વર્ષ કરતા પ્રવેશપાત્ર ખાનગી શાળાઓની સંખ્યામાં ૧૧૭ તો વિદ્યાર્થીઓની ઈન્ટેક કેપેસિટીમાં ૨,૧૫૩નો વધારો થયો છે. જેથી, વધુ વિદ્યાર્થીઓ છૂટ હેઠળ એડમિશન મેળવી શકશે અને ધોરણ-૧થી ૮ સુધી ખાનગી શાળાઓમાં ફ્રી એજ્યુકેશન મેળવી શકશે, જેનો ખર્ચ સરકાર ઉઠાવશે.

રાજકોટ શહેરમાં RTE હેઠળ વિદ્યાર્થીઓને એડમિશન મળી શકે તે માટે આ વર્ષે ૨૦૨૫માં ૫૯૨ ખાનગી શાળાઓમાં ૪,૪૫૩ સીટ છે એટલે કે આટલી બેઠક ઉપર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. જેની સામે ગત વર્ષ ૨૦૨૪ માં ૫૮૯ ખાનગી શાળાઓમાં ૩,૭૧૩ની ઈન્ટેક કેપેસિટી હતી એટલે કે ગત વર્ષ કરતાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવી શકાય તેવી શાળાઓમાં ૩નો વધારો થયો છે જ્યારે ઈન્ટેક કેપેસિટી પણ ૭૪૦ વધી છે. જ્યારે જિલ્લા પંચાયત હસ્તકની તાલુકા વિસ્તારમાં આવેલી ખાનગી શાળાઓમાં વર્ષ ૨૦૨૫માં ૩૨૯ ખાનગી શાળાઓમાં ૨,૧૮૭ સીટ છે. જેની સામે ગત વર્ષે ૨૦૨૪માં ૨૧૫ શાળાઓમાં ૭૭૪ ઈન્ટેક કેપેસિટી હતી




એટલે કે અહીં પણ ૧૧ તાલુકાની ખાનગી શાળાઓમાં ૧૧૪નો વધારો થયો છે, જ્યારે પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ૧,૪૧૩નો વધારો નોંધાયો છે. જ્યારે બંને થઈને એટલે કે રાજકોટ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં ૯૨૧ ખાનગી શાળાઓમાં ૬,૬૪૦ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં એડમિશન મેળવી શકશે. ગત વર્ષે ૨૦૨૪માં કુલ ૮૦૪ ખાનગી શાળાઓમા ૪,૪૮૭ બેઠક પર જ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ થયા હતા.

ગત વર્ષે ધોરણ-૧માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો

મહત્વની વાત એ છે કે, વર્ષ ૨૦૨૩-૨૪થી ગુજરાત સરકાર દ્વારા એવો નિયમ ગણવામાં આવ્યો હતો કે, જે બાળકોને ૧ જૂનના રોજ ૬ વર્ષ પૂર્ણ થઈ ગયા હોય તેઓને જ ધોરણ-૧માં પ્રવેશ આપવો. જેની અસર વર્ષ ૨૦૨૪-૨૫ના એડમિશનમાં જોવા મળી અને રાજ્યમાં ધોરણ-૧માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો અને તેથી તેની અસર સ્વરૂપે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી હતી. કારણકે ૬ વર્ષ પૂર્ણ ન થયા હોય તેઓને બાલવાટિકામાં પ્રવેશની જાહેરાત કરવામાં આવી હતી.

૨૮ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકશે

જોકે, આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ સુધી રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જેની જાહેરાત આજે ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોષી દ્વારા કરવામાં આવેલી છે. વાલીઓ http://rte.orpgujarat.com વેબસાઈટ પરથી ફોર્મ ભરી શકશે. જેમાં ૧ જૂન, ૨૦૨૫ના ૬ વર્ષ પૂર્ણ થતા હોય એવા બાળકો જ ધોરણ-૧માં પ્રવેશપાત્રતા ધરાવે છે.

વાલીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જ જરૂરી આધાર-પુરાવા જેવા કે જન્મ-તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ/કેટેગરીનો દાખલો તેમજ સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, ઈન્કમટેક્ષ રીટર્ન, તથા ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ ન હોય તે કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (લાગુ પડતુ હોય ત્યાં) વગેરે અસલ આધારો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે. ઓનલાઈન ભરેલ ફોર્મ ક્યાંય જમા કરાવવાનું રહેશે નહી.

### રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશમાં અગ્રતાક્રમ

અનાથ બાળક, સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક, બાલગૃહના બાળકો

બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો

મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો

(ART) એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી)ની સારવાર લેતા બાળકો

ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો

જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી

રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો

૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય) ના BPL કુંટુંબના બાળકો

અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરી ના બાળકો

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

જનરલ કેટેગરી / બિનઅનામત વર્ગના બાળકો

નોંધઃ અગ્રતાક્રમ (૮), (૯), (૧૧), (૧૨) અને (૧૩) માં આવતા બાળકો માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખની આવક મર્યાદા લાગુ પડશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા, વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા વગેરે ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે.

### પાયલ મેટરનીટી હોસ્પિટલના મહિલાના થયેલ વિડીયો વાયરલ મામલે ઘટસ્ફોટ

# બે હેકર્સ મહારાષ્ટ્રથી ઝડપાયા, મોટા સિન્ડિકેટ સુધી પોલીસ પહોંચી

## સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરતાં હોસ્પિટલના કેમેરા હેક થયાનું ખુલ્યું, યુપી અને મહારાષ્ટ્રમાં મોટી ગેંગ કામ કરતી હોવાનો ધડાકો, ગેંગ સકંજામાં




રાજકોટ. તા.૧૯

રાજકોટમાં મહિલાની ગોપનીયતા પર દાગ લગાડતી ઘટના સામે આવતાં ગુજરાત ભરમાં ખળભળાટ મચી ગયો હતો અને લોકોના માથા સરમથી નીચે ઝૂકી ગયાં હતાં. રૈયારોડ પર આવેલ પાયલ મેટરનીટી હોસ્પિટલના વિડીયો હોવાનું સામે આવતાં અમદાવાદ સાયબર ક્રાઈમમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને ગણતરીના દિવસોમાં બે આરોપીને મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડી મોટી સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. હાલ અમદાવાદ પોલીસે યુપીમાં ધામા નાંખી તપાસ યથાવત રાખી છે.સમગ્ર બનાવની મળતી વિગતો મુજબ ગઈકાલે સવારે સાગર પટોલિયા નામના વ્યક્તિએ ટ્વીટર અને અન્ય સોશિયલ મિડીયા પર પોસ્ટ મુકી હતી. જેમાં ગુજરાતની એક હોસ્પિટલના વિડીયો યુ ટ્યુબની ચેનલ પર અપલોડ કરાયા હતા.આ વિડીયોમાં મહિલાના બાળકના જન્મ પહેલાં આપવામાં આવતી આવતી સારવાર અને ઈન્જેક્શનના સીસીટીવી ફુટેજના વિડીયો હતા. આ પોસ્ટ સોશિયલ મિડીયામાં વાયરલ થતા અમદાવાદ સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, યુ-ટ્યુબના વિડીયોની ડીસ્ક્રીપ્શનમાં ટેલીગ્રામ ચેનલની લીંક પણ હતી. આ લીંકના આધારે તપાસ કરતા ટેલીગ્રામ ચેનલમાં પણ અલગ અલગ વિડીયોની લીંક હતી.

જે અંગે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ હાથ ધરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે બાદ તપાસ કરતાં ધરવામાં આવી હતી અને યુ ટ્યુબ અને ટેલીગ્રામ બહાર આવ્યું હતું કે યુ ટ્યુબ ચેનલમાં વાયરલ વિડીયો રાજકોટની પાયલ મેટરનીટી હોસ્પિટલના રૂમના હતા.

આ બાબતે તપાસ કરવા માટે અમદાવાદ સાયબર ક્રાઈમની એક ટીમ રાજકોટ દોડાવવામાં આવી હતી અને આ કેસમાં સીસીટીવી હેક કરવાની શક્યતાની સાથે સ્થાનિક સ્ટાફની સંડોવણીની દિશામાં તપાસ કરતાં અમદાવાદ સાયબર ક્રાઈમની એક ટીમે મહારાષ્ટ્રમાં ધામા નાંખી બે શખ્સોની ધરપકડ કરી હતી અને મોટી ગેંગનો પર્દાફાશ કર્યો હતો.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ પાયલ મેટરનીટી હોસ્પિટલના કેમેરા હેક થયાનું બહાર આવ્યું છે અને બે શખ્સોને મહારાષ્ટ્રમાંથી પકડ્યા બાદ સાયબર ક્રાઈમ કરતી ગેંગ યુપીમાં પણ કાર્યરત હોવાનું ખુલતાં પોલીસે પ્રયાગરાજ અને સાંગલીમાં પણ તપાસનો દોર આગળ વધારી વધું શખ્સોને ઝડપી પાડ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મોટા ભાગે હેકર્સ દ્વારા બગના માધ્યમથી આઈપી એડ્રેસ મેળવી એક્સેસ મેળવી સીસીટીવી કેમેરાના એક્સેસ મેળવી તેના માધ્યમથી તેના ફૂટેજ વાયરલ કરી રૂપીયા કમાતા હોય છે.

પાયલ હોસ્પિટલના સીસીટીવી હેક થયા બાદ મહીલાઓની ચેકઅપ અને સારવારના ફુટેજ વાયરલ થતાં રાજયભરમાં ખળભળાટ મચી ગયો હતો. જે મામલે સાયબર એસીપી ચીંતન પટેલે જણાવ્યું હતું કે ખાસ મહીલાઓ હોટલ, મોલ કે હોસ્પિટલમાં જાય ત્યારે ખાસ ચેન્જ રૂમમાં તપાસ કરાવી કે કોઈ હિડન કેમેરા લગાડેલ તો નથી ? જો કોઈ કેમેરા ધ્યાને આવે તો સંચાલક અથવા પોલીસનો સંપર્ક કરી ગઠીયાઓને ઉઘાડા પાડવા જોઈએ,વધુમાં જણાવ્યું કે સીસીટીવી કેમેરા, વાઈફાઈ સોસીયલ મિડીયા એકાઉન્ટ હેડ કરી તેમાંથી ફોટા કે વિડીયો ઉપાડી તેમાં ઈમોજી બનાવી વાયરલ થતાં હોય છે. તેમજ પ્રાઈવેટ એકાઉન્ટમાં પાસવર્ડ તરીકે ૧૨૩૪૫ કે એબીસીડીની જગ્યાએ આલ્ફાબેટ અથવા ન્યુમેરીક રાખી તમારૂ એકાઉન્ટના એક્સેસ વાયરલ થતાં બચાવી શકાય છે.

# કલેકટર ના અધ્યક્ષસ્થાને નશામુક્ત અભિયાનની કમિટીની બેઠક યોજાઈ



રાજકોટઃ કલેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાન કમિટીની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં આગામી માસથી શરૂ થનાર કાર્યક્રમ અને અભિયાન અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓ વિશેનો એક્શન પ્લાન રજૂ કરાયો હતો જેને મંજૂરી આપી કલેકટરશ્રીએ સોશિયલ મીડિયા દ્વારા પણ નશામુક્તિ અભિયાન ચલાવવા પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન શેરસીયાએ જણાવ્યું હતું કે, નશા મુક્તિ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૨૮ નાટક દ્વારા લોકોને નશાથી થતા નુકસાન વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે સાથે જ ગ્રામ્ય કક્ષાએ કઠપૂતળીના ખેલ દેખાડીને અને અન્ય કાર્યક્રમ દ્વારા લોકોને નશાથી દૂર રહેવા માટે સમજાવવામાં આવ્યા છે

આ બેઠકમાં પ્રાંત અધિકારી સર્વ શ્રી મહેક જૈન શ્રી વિમલ ચક્રવર્તી, બાળ સુરક્ષા અધિકારી શ્રી અલ્પેશ ગોસ્વામી, બાળ કલ્યાણ કમિટીના ચેરમેન શ્રી પ્રિતેશ પોપટ, શિક્ષણ, આરોગ્ય વગેરેના વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં આવેલી

# શ્રી કવિ દાદ કોલેજમાં ભારે ભાગદોડ મચી ગઈ 3-૪ લોકો ગંભીર રીતે ઘવાયા

**સમગ્ર પરિસ્થિતિને મોકડ્રીલ જાહેર કરાતા ઉપસ્થિતોએ હાશકારો વ્યક્ત કર્યો**





રાજકોટઃ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં આવેલી શ્રી કવિ દાદ કોલેજના મુખ્ય હૉલ તથા અન્ય ક્લાસિસમાં અંદાજિત ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. આવા સમયે અચાનક આગ લાગી હતી. વિદ્યાર્થીઓએ આગ આગની બૂમો પાડતાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આ ભાગદોડના કારણે વિદ્યાર્થીઓ તથા અન્ય સ્ટાફ ત્યાંથી એક સાથે બહાર નીકળવાનો પ્રયત્ન કરતા ભાગદોડ વધારે થઈ હતી. આ ભાગદોડમાં ત્રણથી ચાર (૩-૪) લોકો ખૂબ ગંભીર રીતે ઘવાયા હતા. આ ઘટના અંગે કોલેજના પ્રિન્સિપાલ દ્વારા તરત જ જિલ્લા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. આ સમયે પ્રાંત અધિકારી શ્રી, મામલતદાર તથા તેમનો સ્ટાફ, પોલીસ અને આરોગ્ય વિભાગનો સ્ટાફ સત્વરે ત્યાં પહોંચી ગયો હતો. ઘટના સ્થળે પહોંચીને તુરંત જ પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. સમગ્ર પરિસ્થિતિને મોકડ્રીલ જાહેર કરાતા ઉપસ્થિતોએ હાશકારો વ્યક્ત કર્યો હતો.આ સમગ્ર મોકડ્રીલ જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી તથા પ્રાંત અધિકારી શ્રી વિમલ ચક્રવર્તીના માર્ગદર્શન અનુસાર મામલતદાર શ્રી કેતન સખિયા દ્વારા યોજવામાં આવી હતી. મોકડ્રીલ દરમિયાન સૌથી પહેલા જિલ્લા વહીવટી તંત્ર અને પૉલિસે ઘટના સ્થળે પહોંચીને ક્રાઉડ મેનેજમેન્ટ કર્યું હતું અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ઘાયલોની સારવાર કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘાયલોને પડધરીના સરકારી દવાખાને લઈ ગયા હતા.

### વિધાનસભા-૬૮માં રૂા.૬૮.૩૧ લાખના ખર્ચે

# વોર્ડ-૧૫ નવનિર્મિત 'વોર્ડ ઓફીસ' બિલ્ડીંગનું લોકાપર્ણ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

## વોર્ડ-૧૫ના ૭૦ હજારથી વધુ લોકોને કરવેરો ભરવો, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાનો મળશે ઘરઆંગણે લાભઃ લોકોની સુખ-સુવિધામાં વધારો થશેઃ ઉદય કાનગડ



રાજકોટઃ વિધાનસભા-૬૮ના વોર્ડ-૧૫માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂા.૬૮.૩૧ લાખના ખર્ચે નવનિર્મિત 'વોર્ડ ઓફીસ' બિલ્ડીંગનું લોકાપર્ણ ધારાસભ્યશ્રી ઉદય કાનગડના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, કોર્પોરેટર ભાવેશ દેથરીયા, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, તેમજ વરજાંગભાઈ હુંબલ સહિતના ઉપસ્થિત રહયા હતા.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે ભારતીય જનતા પાર્ટી એ વિકાસનો પર્યાય બનેલ છે ત્યારે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર દ્વારા જયા માનવી ત્યા સુવિધા' ના મંત્રને સાકાર કરતા અનેક વિકાસ કાર્યો હાથ ધરાયા છે, દેશ અને રાજયનો વિકાસ નવી ઉંચાઈઓ સર કરી રહ્યો છે અને છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં ભાજપ સરકાર કાર્ય કરી રહી છે ત્યારે વિધાનસભા-વોર્ડ-૧૫માં રાજકોટ મહાનરગપાલિકાની નવનિર્મિત વોર્ડ ઓફિસની સુવિધાથી વોર્ડના લોકોને વેરો ભરવો, આરોગ્ય વિષયક સેવાઓ સહિતની પ્રાથમિક સુવિધાનો લાભ ઘરઆંગણે જ મળી રહેશે અને લોકોની સુખ અને સુવિધામાં વધારો થશે.

### વોર્ડ-૧૫ જુદા-જુદા ઔદ્યોગિક રસ્તા પર ડામર કાર્પેટ કરવાના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ઉદય કાનગડ



રાજકોટઃ વિધાનસભા- ૬૮માં વિવિધ વિકાસ કાર્યો વેગવંતા બન્યા છે ત્યારે વોર્ડ-૧૫માં જુદા-જુદા ઔદ્યોગિક વિસ્તારના રસ્તા પર રૂા. ૧૦.૨૩ કરોડના ખર્ચે ડામર કાર્પેટ કરવાના કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.આ તકે મેયર નયનાબેન પેઢ ડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,વોર્ડના કોર્પોરેટરો, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, વરજાંગભાઈ હુંબલ, વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ અને સ્થાનીક આગેવાનો સહિતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### હિંદુધર્મ રક્ષક વીર ક્ષત્રપતિ શિવાજી મહારાજ ની જન્મજયંતિ નિમિતે

## શિવસેના રાજકોટ એકમ દ્વારા પ્રતિમાને ફુલહાર કરી ભાવ વંદના કરીયા





રાજકોટઃ હિંદુધર્મ રક્ષક વીર ક્ષત્રપતિ શિવાજી મહારાજ ની જન્મજયંતિ નિમિતે શિવસેના રાજકોટ એકમ દ્વારા પ્રતિમા ને ફુલહાર કરી ભાવ વંદના કરાય હતી આ પ્રસંગે શિવસેના પ્રદેશપ્રભારી શ્રી જિમ્મીભાઈ અડવાણી, જયપાલસિંહ જાડેજા, ચંદુભાઈ પાટડીયા, સંજયભાઈ ટાંક, નિલેશભાઈ ચૌહાણ, નીખિલનિમાવત, દિનેશભાઈ ગિરી,જયસુખ ભાઈ પટેલ, કમલેશભાઈ સોની, વિપુલભાઈ દાણીધારીયા, સ્મીત ભાલીયા , કૃણાલ મિસ્ત્રી , જીત ખોપકર રમેશભાઈ સોલંકી, હિત મેર, લક્ષ્મણ ભાઈ, નિલય પંડીયા, સાહીલ દવે, સહીત ના હોદેદારો નજરે પડે છે

# ધો. ૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષા શાળા આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

### રાજકોટમાં ૧૭૩ પરીક્ષા કેન્દ્રો, પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધિ કર્યું

રાજકોટ, તા.૧૯

ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાને પગલે શાળા આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મુકાયો છે. આ અંગે કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા પ્રસિદ્ધ કરાયું છે. જાહેરનામામાં જણાવ્યું છેકે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૭/૦૨ થી તા.૧૭/૦૩ સુધી જાહેર રજાના દિવસો સિવાયના દિવસો દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. સામાન્ય/વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાનાર છે.

જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુદી-જુદી શાળાઓમાં કુલ ૧૭૩ પરીક્ષા કેન્દ્રો છે.



પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુક્ત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તે માટે તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાય સવારે ૮ વાગ્યાથી સાંજે ૭.૩૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં અમુક પ્રતિબંધો મૂકતું જાહેરનામું પ્રસિદ્ધિ કરાયું છે.

જેમાં (૧)આ વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહી. (૨) કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી. (૩) ૧૦૦ મીટર ત્રિજ્યામાં કોઈ વ્યક્તિ વાહનો લાવશે નહી. શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહી. (૪) ચાર કે તેથી વધારે વ્યક્તિઓ ભેગા થશે નહીં. (૫) પરીક્ષા કેન્દ્રમાં પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન જેવા ઈલેકટ્રોનીક સાધનો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી. (૬) પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે. ઓળખકાર્ડ સિવાય બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી. (૭) ૧૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

# રાજકોટ જિલ્લામાં બહારથી આવનારા મુસાફરોની ઓનલાઈન પોર્ટલ “પથિક“ પર એન્ટ્રી કરવાના આદેશો

રાજકોટઃ ત્રાસવાદીઓ અને અસામાજીક તત્વોની દેશ વિરોધી પ્રવૃતિઓ પર નિયંત્રણ મુકવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ શ્રી એ.કે. ગૌતમ એ જાહેર કરેલા હુકમો મુજબ રાજકોટ જિલ્લા બહારથી આવતા મુસાફરોની હોટલ, લોજ બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના સહિતના માલીકોએ તેમને ત્યાં આશરો લેતા વ્યક્તિઓની ઓનલાઈન પોર્ટલ https://pathik.guru/માં આશ્રય આપનાર માલીકને ફરજીયાતપણે એન્ટ્રી કરવાની રહેશે.

આ ઉપરાંત રોજબરોજની સમરી રીપોર્ટ અને મુસાફરના આઈ. ડી. પ્રુફની નકલ તથા સી ફોર્મની હાર્ડકોપી નિયમિત ધોરણે જનરેટ કરી અલાયદી ફાઈલ બનાવી રેકર્ડમાં

Pathik
Program for Analysis of Traveller and Hotel Informatiks

રાખવાની રહેશે તથા વિદેશી નાગરિકોની ડેટા એન્ટ્રી પથીક અને () સૉફ્ટવેરમાં કરવાની રહેશે. આ ઉપરાંત રોકાયેલા મુસાફરોની મુલાકાત માટે આવેલ ઈસમોના નામ, ફોન નં, અસલ ફોટો આઈ ડી, ચેક કરી નકલ ફાઇલ કરવાની રહેશે. મુસાફરોની તમામ માહિતી પથીક વેબપોર્ટલ પર કરવાની રહેશે. આ આદેશનો અમલ તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# રાજકોટના યાત્રાળુઓની આસ્થાની ડૂબકીને ચિરસ્મરણીય સ્મૃતિ બનાવતી ગુજરાત સરકાર

## ગુજરાત સરકારના આયોજન થકી મહાકુંભની યાત્રા બની ’વન્સ ઈન અ લાઈફટાઈમ એક્સપિરિયન્સ’: યાત્રાળુ શ્રી પ્રિયંકા ભટ્ટ

સમગ્ર વિશ્વમાંથી શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં ડૂબકી લગાવવા પહોંચી રહ્યા છે. અનેક શ્રદ્ધાળુઓએ મહાકુંભમાં સંગમ સ્નાનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ મેળવ્યો છે, ત્યારે રાજકોટના શ્રદ્ધાળુઓએ પોતાને મહાકુંભનો લ્હાવો લેવા સુધી પહોંચાડનાર ગુજરાત સરકાર અને જી.એસ.આર.ટી.સી.ની સેવાની ખોબલે ખોબલે પ્રશંસા કરી છે.

પ્રયાગરાજ મહાકુંભ માટે તા.૦૭ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતેથી જી.એસ.આર.ટી.સી.ની વોલ્વો બસ શ્રદ્ધાળુઓને લઈને રવાના થઈ હતી. આ અનુભવને વર્ણવતા રાજકોટના યાત્રાળુ પ્રિયંકા પરવ ભટ્ટ કહે છે કે, આ સમગ્ર યાત્રા અમારા માટે અવિસ્મરણીય બની હતી. તા. ૦૭ ફેબ્રુઆરીના પ્રયાગરાજ માટેના પ્રયાણ અને તા. ૧૦ના રોજ પરત ફરવા દરમ્યાન ગુજરાત સરકારના આયોજનથી અમને મહાકુંભનો ખૂબ જ



સારો લાભ મળ્યો છે. ખૂબ જ વ્યાજબી દરે યાત્રા દરમિયાન ગુજરાત સરકારે ૨ ડ્રાઈવર અને ૧ સુપરવાઈઝર સહિત ઉતારાની સુંદર, સ્વચ્છ અને સુઘડ વ્યવસ્થા કરી હતી. શરૂઆતમાં અમને શંકા હતી કે, એસ.ટી.માં મુસાફરી કરવાની છે તો કેવો અનુભવ થશે કે કેવી વ્યવસ્થા હશે? પરંતુ મુસાફરી દરમિયાન સ્ટાફનો ખૂબ જ સહકાર મળ્યો, પરિવારની જેમ અમે સૌ સાથે રહ્યા છીએ અને સરકારની વ્યવસ્થાઓને જોઈ અમે હવે અન્યોને પણ જી.એસ.આર.ટી.સી.ની આવી મુસાફરીનો લાભ લેવાનો આગ્રહ કરીએ છીએ. આ સુંદર આયોજન બદલ ગુજરાત સરકાર અને જી.એસ.આર.ટી.સી.નો આભાર...

તો રાજકોટના ભાવેશભાઈ ગોહિલ અને તેમના ધર્મપત્નીએ પણ જી.એસ.આર.ટી.સી.ની વ્યવસ્થાને બિરદાવતા જણાવ્યું હતું કે, કુંભમાં જઈ મહાસ્નાનની અમારી અદમ્ય ઈચ્છા હતી, પરંતુ પહેલા અમે ખૂબ જ મૂંઝવણમાં હતા કે ત્યાં પહોંચવું કંઈ રીતે? એવા સમયે ગુજરાત સરકારની જી.એસ.આર.ટી.સી. વોલ્વો બસ દ્વારા મહાકુંભમાં જવાની આ વ્યવસ્થા વિશે અમને જાણવા મળ્યું...અમે તાત્કાલિક જ તેમાં બુકિંગ કરાવ્યું. ૭ તારીખે બસ અહીંથી સમયસર ઉપડી અને યાત્રા દરમિયાન પણ જરૂરિયાત સમયે તથા હોલ્ટમાં પણ અમને સ્ટાફનો ખૂબ જ સહકાર મળ્યો હતો. સંગમ ઘાટ પર પહોંચીને પણ કંઈ રીતે જવું તે અંગે પણ અમને સ્ટાફ દ્વારા માર્ગદર્શન મળ્યું હતું.

# લોહાણાપરા, ધ્રુવનગર, વિદ્યાનગર, કોઠારીયા કોલોનીમાં ૧૫ મિલ્કતોને તાળા મરાયા

## પાંચ બાકીદારોને નોટીસો ફટકારાઈ બપોર સુધીમાં વેરા પેટે રૂા.૬૦.૯૫ લાખની રિકવરી



રાજકોટ તા.૧૯

રાજકોટ મ.ન.પા.ની વેરા વસુલાત શાખાએ રિકવરી ઝુંબેશ અંતર્ગત આજરોજ બપોર સુધીમાં લોહાણાપરા મેઈન રોડ, વિદ્યાનગર મેઈન રોડ, રજપૂતપરા અને પંચનાથ પ્લોટ વિસ્તારમાં કુલ ૧૫ મિલ્કતોને સિલ મારી દીધા હતા. જયારે, પાંચ મિલ્કતધારકોને નોટીસો ફટકારી હતી અને બપોર સુધીમાં વેરા પેટે રૂા.૬૦.૯૫ લાખની રિકવરી કરી હતી.

આ અંગે વેરા શાખાનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજરોજ ધ્રુવનગરમાં એક યુનિટ, લોહાણાપરાનાં રઘુનાથજી આર્કેડમાં ફર્સ્ટ ફલોર ઉપર ૬ તથા ગ્રાઉન્ડ ફલોર ઉપર એક દુકાનને અને લોહાણાપરા મેઈન રોડ ઉપર રઘુવીર ભુવનને બાકી વેરા અંગે સિલ મારી દેવાયું હતું.

જયારે વિદ્યાનગર મેઈન રોડ ઉપર બે યુનિટને રજપૂતપરામાં એક યુનિટને તથા પંચનાથ પ્લોટમાં આવેલ પેસિફીક ફોર્ચ્યુનના પાંચમાં અને સાતમા માળે બે ઓફીસોને સિલ મારી દેવાયા હતા તથા કોઠારીયા કોલોનીમાં એક યુનિટ સિલ કરી દેવાયું હતું. તથા બાપુનગરના ઉર્વી કોમ્પ્લેક્ષમાં આવેલ પાંચ યુનિટને નોટીસ ફટકારી હતી.

આજરોજ બપોરે એક કલાક સુધીમાં ૧૫ મિલકતોને સીલ મારેલ તથા ૫-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૫-મિલકતોને નોટીસ આપેલ તથા ૧-યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ. આજના દિનની રીકવરી રૂા.૬૦.૯૫ લાખ થઈ હતી. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે. નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિધ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠકકર તથા તમામ વૉર્ડ ઓફીસર, તમામ વૉર્ડ ટેકસ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.


# કસ્તૂરબા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે રાજકોટમાં રાષ્ટ્રીય શાળા ખાતે ૨૩ ફેબ્રુઆરીએ કસુંબલ લોકડાયરો યોજાશે



રાજકોટઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ધર્મપત્ની અને પ્રથમ મહિલા સત્યાગ્રહી એવા કસ્તૂરબા ગાંધીની ૮૧મી પુણ્યતિથિ નિમિત્તે ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજકોટ શહેરમાં રાષ્ટ્રીય શાળા ખાતે તા. ૨૩ ફેબ્રુઆરીને રવિવારે સાંજે ૦૫.30 કલાકે ’કસુંબીનો રંગ’ - કસુંબલ લોકડાયરો યોજાશે. જેનું આયોજન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, મદદનીશ ગ્રંથાલય નિયામકની કચેરી, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, રાષ્ટ્રીય શાળા ટ્રસ્ટ અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના સહયોગથી કરાયું છે. આ કાર્યક્રમમાં કલાકારો શ્રી અભેસિંહ રાઠોડ, શ્રી ધીરુભાઈ સરવૈયા, શ્રી રાધાબેન વ્યાસ અને સંગીતકારશ્રી પંકજભાઈ ભટ્ટ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો અને સંશોધિત-સંપાદિત પ્રાચીન લોકગીતો-ભજનોની ’સ્વરાંજલિ’ આપશે. જેનું જીવંત પ્રસારણ ../ પર કરાશે. વધુ વિગત માટે શ્રી રાજેશભાઈ ભાતેલીયા મો. ૯૪૨૭૨ ૨૦૧૭૨, શ્રી ઉગ્રસેનસિંહ ગોહિલ મો. ૯૪૨૮૫ ૭૧૭૦૭ અથવા શ્રી વાલજીભાઈ પિત્રોડા મો. ૯૮૨૪૫ ૬૪૨૪૫ પર સંપર્ક કરી શકાશે, તેમ ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના ટ્રસ્ટીશ્રી પિનાકીભાઈ મેઘાણીની યાદીમાં જણાવાયું છે.

# ટેરિફ વોરના અમલ પૂર્વે અમેરિકા ખાતેથી ક્રુડ તેલની આયાતમાં ધરખમ વધારો

નવી દિલ્હી દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે એક સપ્તાહ પૂર્વે બેઠક યોજાઈ તે પહેલા જ ભારતે અમેરિકા સાથેના વેપાર સંબંધોને નવો વળાંક આપી દીધાનું જોવા મળી રહ્યું છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલી ટેરિફ વોરના અમલ પૂર્વ જ તેની અસર સામેથી રક્ષણ મેળવવા ભારતે આ આયાત વધારી હોવાનું માનવામાં આવે છે.




ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકાના નવા પ્રમુખ તરીકેની વરણી થતાં જ વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં અમેરિકા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત ડિસેમ્બરની સરખામણીએ ત્રણ ગણી જેટલી વધી ગઈ હતી.ડિસેમ્બર, ૨૦૨૪માં પ્રતિ દિન ૭૦૬૦૦ બેરલની સામે જાન્યુઆરીમાં ભારતે અમેરિકા ખાતેથી ક્રુડ તેલની પ્રતિ દિન ૨૧૮૪૦૦ બેરલ આયાત કરી હતી. આયાતમાં વધારા સાથે અમેરિકા ભારતનું ટોચનું પાંચમુ ક્રુડ તેલ પૂરવઠેદાર બન્યું છે, એમ સરકારી ડેટા જણાવે છે.

૨૦૨૪માં અમેરિકા ખાતેથી ભારતે ૧૫ અબજ ડોલરના ક્રુડ તેલની ખરીદી કરી હતી જે વર્તમાન વર્ષમાં વધારી ૨૫ અબજ ડોલર કરવા ભારતે ટાર્ગેટ રાખ્યો છે. વિશ્વમાં ભારત ક્રુડ તેલનો ત્રીજો મોટો આયાતકાર દેશ છે.

સરકારના ડેટા પ્રમાણે ગયા મહિને રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલ આયાત ૪.૩૦ ટકા વધી પ્રતિ દિન ૧૫.૮૦ લાખ બેરલ રહી હતી. રશિયા હજુપણ ભારતનું ટોચનું પૂરવઠેદાર રહ્યું છે.

# વિમાનગર - અલ્કાપુરીમાં વિધર્મીઓને આડેધડ મકાન વેંચાણના મામલે સોંપાતી તપાસ

## અશાંતધારાનો ભંગ કરી વિધર્મીઓને મિલકતોનાં વેચાણની કાર્યવાહી થતી હોવાની જીવનપ્રભા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીની ફરિયાદના પગલે કલેકટર તંત્ર ચોંકયુ રિપોર્ટ

રાજકોટ,તા.૧૯

શહેરનાં વિમાનગર લકાપુરી વિસ્તારમાં અશાંતધારાનો ભંગ કરી વિધર્મીઓને આડેધડ મકાનોનુ વેંચાણ થતુ હોવાનું જીવનપ્રભા કો.ઓપ.હાઊસીંગ સોસાયટીનાં હોદેદારો/સદસ્યોએ કરેલી ફરીયાદના પગલે કલેકટર તંત્ર દ્વારા આ મામલે તપાસના આદેશ આપી દેવામાં આવેલ છે.

જીવનપ્રભા કો.ઓપ. હાઉસીંગ સોસાયટીનાં પ્રમુખ અને સદસ્યોએ આ મામલે જણાવ્યું હતું કે રાજકોટની ૨૮ જેટલી સોસાયટીઓમાં અશાંતધારો લાગુ પાડવામાં આવેલ છે.તારીખ ૧૨ જાન્યુઆરી-૨૦૨૬ સુધી અશાંતધારાનાં જાહેરનામાનું અમલીકરણ કરવાનું રહે છે.આ



વિસ્તારમાં સ્થાવર મિલકતોનું હસ્તાંતરણ કલેકટરની મંજુરી વગર કરવામાં આવે તો તે રદબાતલ કરવાનું રહે છે.

આ અશાંતધારા હેઠળ વિમાનગર, અલકાપુરી, છોટુનગર, નિરંજની સોસાયટી, સિંચાઈનગર, આરાધના સોસાયટી, સહિતની સોસાયટીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.આ ૨૭ જેટલી સોસાયટીઓમાં કુલ માનવ વસ્તીનાં ૯૦ ટકાથી વધુ વસ્તી હિન્દુઓની છે.

પરંતુ છેલ્લા કેટલાંક સમયથી કલેકટરની પૂર્વ મંજુરી વગર આ વિસ્તારનાં મિલકત ધારકો દ્વારા વિધર્મીઓને અશાંતધારાનો ભંગ કરી મિલકત વેંચાણની કાર્યવાહી શરૂ કરી આ વિસ્તારની શાંતિ જોખમમાં મુકવાનો પ્રયાસ કરેલ છે.જીવનપ્રભા કો.ઓપ. હાઉસીંગ સોસાયટીની આ ફરિયાદમાં આ વિસ્તારમાં વિધર્મીઓએ ખરીદ કરેલ મિલકતોનું વેંચાણ રદ કરવા અને વિધર્મીઓને મિલકત ખરીદવાની મંજુરી નહિં આપવા માંગણી ઉઠાવી છે.

આ ફરીયાદ સીટી પ્રાંત એક અધિકારી પાસે પહોંચતા તંત્ર ચોંકી ઉઠયુ છે અને આ મામલે તપાસ રિપોર્ટ આપવા માટે પશ્ચિમ મામલતદારને આદેશ કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

## પ્રતાપભાઈ પટેલ (ટર્બો બેરિંગ) પોતાના પત્ની મુકતાબેન વાસાણી ના જન્મદિવસે

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સાથે ૧૧ લાખ રૂપિયાનું ચેકડેમ બનાવવાની જાહેરાત કરી જન્મદિવસની ઉજવણી

રાજકોટઃ રાજકોટના ઉદ્યોગપતિ ટર્બો બેરિંગ વાળા પ્રતાપભાઈ પટેલના ધર્મપત્ની મુકતાબેન પી. વાસાણી ના ૮૧ માં જન્મદિવસે મિત્ર સર્કલ ના સ્નેહ મિલનનું આયોજન કરી અને સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ કરવામાં સૌથી વધુ મહત્વ હોય એવા અમૃત સમાન વરસાદી શુદ્ધ પાણીનું યોગ્ય જતન કરવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટને ૧૧ લાખ રૂપિયાનું ચેકડેમ બનાવવાની જાહેરાત કરી જન્મદિવસની ઉજવણી, આ જ રીતે સમાજના લોકો પોતાના જીવનમાં સંપૂર્ણ નિરોગી રહેવા માટે અને પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા સાથે દેશની આર્થિક સમૃદ્ધિમાં સૌથી જો ઉત્તમ કાય હોય તો તે વરસાદનું અમૃત સમાન શુદ્ધ પાણી છે, અને આ કાર્ય માટે સમાજના દરેક આગેવાનો, ઉદ્યોગપતિઓ અને ઉપભોક્તાઓ જોડાઈ જાય તેવી પ્રતાપભાઈ પટેલે લોકોને અપીલ



કરી છે.

રાજકોટના ઉદ્યોગપતિ ટર્બો બેરિંગ વાળા પ્રતાપભાઈ પટેલ ૮૫ વર્ષની ઉંમરે પણ વહેલી સવારથી સાંજ સુધી સતત પાણી માટે ચિંતા કરતા હોઈ છે, અને સમાજના લોકો આ ઉતમ કાર્યમાં જોડાઈ તેના માટે કાર્ય કરી રહ્યા છે.અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરેલ તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ અને જમીનની અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ છે. આ સ્નેહ મિલનમાં માં ઉપસ્થિત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, કૌશિકભાઈ સરધારા, જેન્તીભાઈ સરધારા, રાજુભાઈ વાસાણી, પરેશભાઈ વાસાણી, ધીરુભાઈ કાનાબાર, દેવાણીભાઈ, ગીરીશભાઈ ભીમાણી, , ભરતભાઈ તેમજ સગાસંબંધી હાજર રહયા હતા.

# જેતપુરમાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર હુમલો

જેતપુરમાં જુના મનદુઃખનો ખાર રાખી યુવાન પર શખસે હુમલો કર્યો હતો. આરોપી સામે ગુનો દાખલ કરી જેતપુર સીટી પોલીસે શખસને ઝડપી પાડવા વધુ કાર્યવાહી હાથ ઘરી હતી. મળતી માહિતી મુજબ જેતપુર શહેરના હિંગળાજ કૃપા, શેરી નં.ડી-૩, શંકરના મંદિર સામે રહેતા નીરવ પ્રવિણભાઈ હીંગુ (ઉ.૩૯)એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું મારા રહેણાંક મકાને આવેલ ગ્રાઇડ ટેઇલર નામે દુકાન ચલાવી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. ગત તા.૧૪ના રોજ બપોરના સાડા બાર વાગ્યે હું તથા મારા મીત્ર દીપકભાઈ કારીયા અમારા મકાનની પાસે આવેલ શંકરના મંદિર પાસે હતા ત્યારે અયુબ સોયેબ ઉઘી તેનું એકટીવા લઈને ત્યાં આવ્યો અને મને કહેવા લાગ્યો કે, તું શું કામ મારી સામુ જુવે છે? તેમ કહી ઝઘડો કરવા લાગ્યો. ઝઘડાનું કારણ એવું છે કે, આજથી દોઢેક વર્ષ પહેલા મારે લેડીઝ ટેઇલર હોય અને આ જગ્યાએ મહિલાઓ આવતી હોય અને આ અયુબ તથા તેના મીત્રો મારા ટેઈલર પાસે બેસતા હોય જેથી આ લોકોને મે આ જગ્યાએ બેસવાની ના પાડતા તેને સારૂ લાગેલ નહીં અને જે બાબતનો ખાર રાખેલ હોયજેથી આ બાબતે પહેલા ઝપાઝપી થયેલ બાદમાં મને આ અયુબે તેની પાસે રહેલ એકટીવાની ચાવી મને ડાબી આંખ પાસે તથા માથાના પાછળના ભાગે તથા માથાના ઉપરના ભાગે મારી દેતા મને આખને નીચેના ભાગે તથા માથામાંથી લોહી નીકળતા બાજુમાં રહેલ મારા મીત્ર દીપકભાઇ કારીયા તથા આજુબાજુના લોકો વચ્ચે પડતા વધુ મારમાંથી મને બચાવી લીધેલ હતો. અયુબ જતા જતા મને કહેતો હતો આજે તો તું બચી ગયો હવે પછી મળીશ તો આનાથી વધુ મારીશ તેમ કહી અયુબ તેનું એક્ટીવા લઈને જતો રહેલ હતો. મને સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયા હતા અને બાદમાં વધુ સારવાર માટે મને જૂનાગઢ ખાતે રીફર કરવામાં આવેલ હતો.

# રાજ્ય પોલીસ તંત્રમાં ખૂબ મહત્વના સ્થાનો મહિનાઓ સુધી ખાલી રહે છે!!

**ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથમ વખત મહત્વના સ્થાનો ખાલી, ટુંક સમયમાં બીજી અગત્યની જગ્યાઓ ખાલી થવાની છે ત્યારે આઈએએસ લેવલ જેમ ઝડપી નિર્ણય થશે કે કેમ? આઈપીએસ વર્તુળોમાં હોટ ટોપિક : જૂનાગઢ એસપીનું સ્થાન હવે ખૂબ અગત્યનું બનતું જાય છે, આઈબી વડા, સીઆઈડી વડા માફક અમદાવાદઃ રેન્જ, મુખ્ય જેલ વડા જેવા સ્થાન અગત્યના છે તેવા સમયે ગાંધીનગર શું વિચારે છે? તે કોર ગ્રૂપ પણ તાગ મેળવી શકતું નથી**

રાજકોટ, તા. ૧૯ઃ ગુજરાતમા ચીફ સેંક્રેટરી બદલાયા પછી આઈએએસ લેવલે ધરખમ ફેરફારો થયા, નાના મોટા ફેરફાર ઓર્ડર સતત ચાલુ હોય છે. બીજી તરફ આઈપીએસ લેવલ કે રાજ્ય પોલીસ તંત્રમાં ખૂબ મહત્વના સ્થાનો મહિનાઓ સુધી ખાલી રહે છે!! આનો મતલબ હજુ સુધી સમજાતો નથી. ભ્રષ્ટાચાર નાબૂદી ઓપરેશન ગંગાજળ સરકારે ચલાવ્યું ત્યારે કોઈ સમજુ માણસે ધ્યાન દોર્યું કે આપણા રાજ્યમાં ઘણા સમયથી એસીબી વડાની જગ્યા ચાર્જમાં છે, આ બાબત વધુ ફેલાશે તો અલગ અર્થ નીકળશે. આ સંદર્ભે એસીબી વડાનું સ્થાન વિશ્વાસુ આઈપીએસ અધિકારી માટે ડાઉન ગ્રેડ કરી ભરી લેવાયું. પણ આ સમસ્યાનો અંત નથી.




રાજ્યના મુખ્ય પોલિસવડા વિકાસ સહાય ૪ માસ પછી નિવળત્ત થવાના છે, ત્યારે તેમને એક્ષ્ટેંશન મળશે કે પછી કોઈને અન્યાય ન થાય તે માટે તેમને નિવળત્ત કરી તેમના સ્થાને અન્યો હકદારને નીમાશે? આ પ્રશ્નનો કોઈ ઉત્તર નથી. એક વાત એવી છે કે આ સ્થાન માટે દિલ્હી દ્વારા દોઢ વર્ષ પહેલાં વિચારણા થયેલ .જોકે રાજકારણમાં કોઈ નિર્ણય કાયમ રહેતા નથી. મહત્વના સ્થાનની વાત કરીએ તો અમદાવાદ રેન્જ આઈજી જે .આર. મોથલિયા આવતા માસે નિવળત્ત થાય છે. આ અગત્યના સ્થાન માટે કોઈ અનુભવી અને વિશ્વાસુ મુકાશે. અમીતભાઈનો થોડો મત વિસ્તાર આ એરિયામાં હોવાથી કોઈ અનુભવી જ પસંદગી પામશે તેમ ચર્ચાઈ છે. લોકપ્રિય આઈપીએસ અધિકારી હર્ષદ મહેતા જુનાંગઢ એસપી જેવા સારા સ્થાન પર હતા, કારકિર્દી પણ ખૂબ સારી હતી એવા સમયે રાજીનામું આપ્યું છે. આ સ્થાન ઘણી રીતે હવે મહત્વનું બન્યું છે. આ માટે પણ સરકારની કસોટી છે. હાઈ પ્રોફાઈલ આઈપીએસ અને મહત્વના ઓપરેશન પાર પાડનાર એક સમયર અમિતભાઈનાં ખૂબ વિશ્વાસુ અભયસિંહ ચુડાસમાં પણ સ્વેછીક નિવળત્તિ લેતા આ સ્થાન ખાલી છે સુરત એડી સીપી ટ્રાફિક હિતેન્દ્ર ચોધરી પણ નિવળત્ત થયા કુલ પોણો ડઝન જેટલા સ્થાન ખાલી છે. આઈબી વડા કે સીઆઈડી ક્રાઈમ વડા બાબતે હજુ વિચારણા છે. સૌરાષ્ટ્રમાં પણ અનુભવી રેન્જ વડાઓ બદલાય તેમ છે. વડોદરા રેન્જ જેવા અનુભવી બદલાય તો આવી સ્થિતિમાં હવે ખૂબ ખૂબ સમજી સમજી ાજ્ઞતશિંક્ષલ કરવા કવાયત ચાલી રહી છે, આ કવાયતનો અંત બજેટ શેસન પૂર્ણ થતાં સુધીમાં અંત આવશે કે પછી જૂન સુધી ખર્ચી કઢાશે, કોઈ આઈપીએસ પાસે આનો સ્પષ્ટ જવાબ નથી. અને છેલ્લે ૬ વર્ષથી ગૂજરાત જેલમાં ક્રાંતિકારી પરિવર્તન, આત્મ નિર્ભર રોજગારી યોજના અમલમાં મુકનારા બિન વિવાદી રાજ્યના મુખ્ય જેલ વડા હવે બદલનાર છે, ત્યારે આ સ્થાન માંટે સરકારને શિર દર્દ ન બને તેવા સિનિયર આઈપીએસ શોધવાની કવાયત ચાલે છે.

# રસના ચીચોડા-ગોલાના ધંધા માટે હવે હરાજી નહીંઃ અરજીઓ મંગાવતું કોર્પો.

### નાના મવા, અમીન માર્ગ, સાધુ વાસવાણી રોડના પ્લોટ માટે તા. ૨૧ સુધી માંગણી કરી શકાશે

રાજકોટ, તા. ૧૯

મહાનગરપાલકિા હસ્તકના જુદા જુદા વિસ્તારમાં આવેલા પ્લોટ, રસના ચીચોડા અને ગોલાના ધંધા માટે ભાડે આપવા અગાઉ પ્રતિ મીટર ભાવ વધારીને હરાજી કરવાનો નિર્ણય જાહેર કરાયો હતો. પરંતુ હવે આ માટે હરાજીના બદલે બંધ કવરમાં અરજી મંગાવવામાં આવી છે.



શહેરમાં આવેલ જુદાં-જુદાં મેદાન-પ્લોટ તા.૧-૩ થી તા.૧૫-૬ સુધી રસનાં ચીચોડા તથા ગોલાનાં વ્યવસાય માટે ભાડે આપવા બંધ કવરમાં અરજી મંગાવવામાં આવી છે. જે પ્લોટ નાના મવા સર્કલ પંપ પાસે, અમીનમાર્ગ કોર્નર, જેડ બ્લ્યુની સામેનો પ્લોટ, સાધુવાસવાણી રોડ, રાજ પેલેસ સામેનો પ્લોટ, સાધુવાસવાણી રોડ, શાક માર્કેટની સામેનો પ્લોટ, પ્રમુખ સ્વામી ઓડી.ની બાજુનો પ્લોટ, ટી.પી.નં.૧૬(રૈયા), એફ.પી.નં.૪૨/એ, નંદ હાઈટસની બાજુમાં આવેલ પ્લોટ, ટી.પી.નં.૨૬(મવડી), એફ.પી.ન;.૪/એ, સુવર્ણભૂમિ કોમ્પલેક્સની બાજુમાં આવેલ પ્લોટ, રાજનગર મેઈન રોડ, ધરતી હોન્ડા શો રૂમની સામે આવેલ છે. આ પ્લોટ માટે બંધ કવરમાં આ અરજી કરવાની છેલ્લી તારીખ.૨૧-૨ હોવાનું એસ્ટેટ વિભાગે જણાવ્યું છે.

# જામનગરના ભગવતી ટાટાએ રાજકોટના વૃદ્ધને ક્ષતિયુક્ત ડેમો કાર ધાબડી દીધી







## ભગવતી મોટર્સના માલિકને ફરિયાદ કરતા ગલ્લાતલ્લા

રાજકોટના રૈયા રોડ ઉપર સેફાયર ગોલ્ડમાં રહેતા ભરતસિંહ ઝાલાને ખામીવાળી ડેમો કાર ધાબડી દેવાના પ્રકરણમાં જામનગરની ભગવતી ટાટા મોટર્સના માલિક શાંતનુભાઈને અનેક ફરિયાદ કરવા છતાં ફરિયાદનો નિરાકરણ લાવવાના બદલે ગલ્લાતલ્લા કરી ઉડાઉ જવાબ આપતા  હોવાનું ભોગ બનનારે જણાવ્યું છે.

## કાર ખરીદી કર્યાના એક વર્ષમાં જ લાખોના ખર્ચમાં ધોવાયા : ૨.૭૫,૦૦૦ ના ગેયરબોક્ષની ટેકનિકલ ખામી છુપાવનાર ડીલર સામે ગ્રાહકે ફરિયાદ નોંધાવશે : કાર માલિકને સર્વિસ સેન્ટરમાંથી માનસિક ત્રાસ મળ્યો પણ યોગ્ય સર્વિસ ન મળી

તહેવારોના સમયમાં લક્ઝરિયસ કાર ખરીદી કરવા માટે ગ્રાહકોને પડાપડી હોય છે.ત્યારે ગ્રાહકોને વેઇન્ટીગને પહોંચી વળવા માટે ડિલરો ડેમો પીસ કે ગોડાઉનમાં પડેલી કારને સર્વિસ કરી વેચાણ કરી દેતા હોય છે.બાદમાં ગ્રાહકોને ટુંકાગાળામાં જ ખામીયુક્ત કારમાં પણ યોગ્ય સમયે સર્વિસ મળતી ન હોવાથી દેકારો બોલાવી દેતા હોય છે.આવો જ બનાવ રાજકોટમાં રહેતા નિવૃત વૃદ્ધ સાથે બન્યો છે. રૈયા રોડ પર સેફાયર ગોલ્ડમાં રહેતા નિવૃત જીવન જીવતા ભરતસિંહજીજીભાઈ ઝાલા ઉ.વ ૬૬ એ ૧૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ જામનગરના ભગવતી ટાટામાંથી રૂ.૯,૨૫,૦૦૦ ની કિમતની ટાટા અલ્ટો ગાડી છોડાવી હતી.આ ગાડીનું ૧૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ આર.ટી.ઓમાં રજીસ્ટર કરાવી હતી.આ ગાડી ખરીદી કર્યાના ટુંકા ગાળામાં જ ઓઇલ સાથે પાણી ભળી જતાં ટેકનિકલ ખામી સર્જાઇ હતી.પાર્કિંગ સ્થળ પર કારમાંથી ઓઇલ લીકિજ થયું હતું.આ  ઉપરાંત અન્ય નાની મોટી ટેકનિકલ ખામી પણ સર્જાઇ હતી.આ અંગે કોલ સેન્ટરમાં સંપર્ક કર્યા બાદ વૃદ્ધ  રાજકોટના જય ગણેશ ટાટામાં સર્વિસ લેવા જતાં કારમાં રૂ.૭૦,૦૦૦ ના ખર્ચાની જાણ થઈ હતી.ગત ૨૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કારમાં સર્વિસ મૂક્યા બાદ ૫૦ % પ્રોબ્લમ સોલ્વ થઈ ગયા હતા. જો કે ફરી વખત બ્રેક અને જમ્પિંગ, ઝટકા લાગવા સહિતની નવી  ખામી સર્જાતાં હતાશ થયેલા વૃદ્ધે ફરી સર્વિસ સેન્ટરનો સંપર્ક કરતાં ઉડાવ જવાબ મળ્યો હતો.ટેકનિકલ ખામી અને અકસ્માતના ભય વચ્ચે પરિન ટાટામાં સર્વિસમાં આપતા કારમાં ગેયર બોક્ષ બદલવું પડશે અને ૨,૭૫,૦૦૦ નો ખર્ચ થશે તેવી જાણકરી મળી હતી.આ અંગે ભગવતી ટાટાનો સંપર્ક  સાધતાં તેમણે કારમાં સર્વિસ લઈને રૂ.૧૬૦૦૦ નું નવું ઓઇલ નાખીને  જણાવ્યું હતું કે ગેયર બોક્ષમાં કોઈ ખામી નથી.આ કારમાં ટુંકા ગાળામાં ફરી ટેકનિકલ ક્ષતિ સર્જાતાં જય ગણેશ ટાટામાં મૂકતાં કારની અંદર ગેયર બોક્ષની ખામી અને ઓઇલ પણ બીજું નાખવું પડશે તેવી વાતો કરતા કાર માલિકને ખર્ચ કરવો પડ્યો હતો.આમ કારની યોગ્ય સર્વિસ નહિ આપીને પૈસાના ખર્ચમાં ઉતારી  આર્થિક નુકશાન પહોંચાડનાર જામનગરના ભગવતી ટાટા સામે કાર માલિકે તેમના વકીલ મારફતે કાયદાકીય પગલાં લેશે.



ॐकारा

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

જ્યાં સુધી આપણી પીઠ પાછળ વાતો નહિ થાય, ત્યાં સુધી
સમજવું કે હજુ આપણે બરોબર ઉતર્યા નથી.
સજાગતા પૂર્વક કર્મો કરી, નિંદા ઉપર ધ્યાન ન આપી પ્રગતિ કરીએ.

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111



ENGLISH INSTITUTE
RAVI
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ
## શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...

## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826

અને જોડાઇ જાવ અમારી સાથે...

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062